RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 84* Date: 20.01.2021 Wendsday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### કિમ નજીક ફૂટપાથ પર ઊંઘતા શ્રમિકો પર ડમ્પર ફરી વળતાં હાઇ-વે મરણચીસોથી ગાજી ઉઠ્યો

# અમંગળ: સુરતમાં ડમ્પરે ૧૫ શ્રમિકોને કચડી માર્યા

### ફૂટપાથ પર મીઠી નિદ્રા માણી રહેલા શ્રમિકોનાં ઊંઘમાં જ મોત, મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારને ૨-૨ લાખની સહાયની જાહેરાત, વડાપ્રધાન મોદી સહિત નેતાઓએ દુઃખ વ્યક્ત કર્યું




સુરત,તા.૧૯

સુરતમાં મંગળવારે કાળમુખા ડમ્પરે રાજસ્થાનથી છૂટક મજૂરી કરી આજીવિકા રળવા આવેલા અને ફૂટપર પર ઊંઘી રહેલા કેટલાય લોકોને કચડી નાખી કાળનો કોળિયો બનાવી લેતા ભયાવહ કરૂણાંતિકા સર્જાઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ કિમથી માંડવ તરફ જઈ રહેલા એક બેકાબુ ડમ્પર રસ્તાની બાજુમાં ઊંઘી રહેલા કેટલાક લોકો પર ફરી વળ્યું હતું જેને પગલે ૧૫ જેટલા લોકોના મોત થયા છે. આ ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને ડમ્પર ચાલક તેમજ ક્લિનરની ધરપકડ પણ કરવામાં આવી છે.

સુરતની નજીક કોસંબા ગામ પાસે ડમ્પર માતેલા સાંઢની જેમ રસ્તા પર ઊંઘી રહેલા શ્રમજીવીઓ પર ફરી વળ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ બાંધકામ ક્ષેત્રમાં છૂટક મજૂરી કરતા કેટલાક શ્રમજીવીઓ કિમ-માંડવી રોડ પર રસ્તાની ફૂટપાટ પર રહેતા હતા. રાત્રે ૧૨ વાગ્યા આસપાસ ભર ઊંઘમાં રહેલા મજૂરો પર ડમ્પર કાળ બનીને ફરી વળ્યું હતુ જેમાં ૧૨ જેટલા લોકોએ ઘટનાસ્થળે જ અંતિમ શ્વાસ લીધા હતા અને ત્રણ જેટલા લોકોના હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયા હતા. આ દુર્ઘટનામાં કેટલાક લોકો ઘાયલ થયા છે જેમને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. બેકાબૂ બનેલા ડમ્પરે ચારથી પાંચ દુકાનોના શેડ પણ તોડી નાખ્યાં હતા. ટ્રેક્ટરને ટક્કર માર્યા બાદ ફૂટપાથ પર સૂતેલા શ્રમિકોને કચડ્યા બાદ ડમ્પર ચાલકે ફૂટપાથ કૂદાવી પાછળની તરફ આવેલી દુકાનો સાથે ભટકાવી દીધું હતું. જેને પગલે પાંચેક જેટલી દુકાનોના શેડ તૂટી ગયા હતા. અકસ્માત બાદ ડ્રાઈવર અને કંડક્ટર બોલવાની કે ચાલવાની પણ હાલતમાં ન હતા, જેને પગલે ડ્રાઈવર અને કંડક્ટર દારૂ અને ગાંજાના નશામાં હોવાની પોલીસને આશંકા છે. બંનેને સારવાર અને રિપોર્ટ માટે હોસ્પિટલ ખસેડ્યા છે અને રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

રાજ્ય સરકારે આ ગોઝારી દુર્ઘટના બદલ ખેદ વ્યક્ત કર્યું હતું. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મૃતકોના પરિવારને સાંત્વના પાઠવી હતી તેમજ રાજ્ય સરકાર તરફથી મૃતકોના પરિવારજનો માટે રૂ. ૨-૨ લાખની સહાયની જાહેરાત કરી હતી.

આ ભયાવહ ઘટનાની સમગ્ર હકીકત એવી છે કે સુરતથી ૬૦ કિ.મી. દૂર આવેલા કોસંબા ગામ પાસે મંગળવારે ૧૨ વાગ્યા આસપાસ એક ડમ્પર માંડવથી કિમ તરફ જઈ રહ્યું હતું. ડમ્પરે પહેલા શેરડીથી ભરેલા ટ્રેક્ટરને ટક્કર મારી હતી અને બાદમાં ડમ્પરચાલકે કાબૂ ગુમાવતા તે રસ્તાની બાજુમાં ચઢી ગયું હતું. સુરતના પોલીસ સુપરીટેન્ડેન્ટ ઉષા રાડાએ જણાવ્યું હતું કે ડમ્પર નીચે કચડાઈ જવાથી મજૂરોના મોત થયા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મૃતકોના પરિવારજનોને રૂ. ૨-૨ લાખની એક્સ ગ્રેશિયા સહાયની જાહેરાત કરી છે તેમજ ઘાયલોને રૂ. ૫૦,૦૦૦ની મદદ કરવામાં આવશે. વડાપ્રધાન મોદીના કાર્યાલયે ટ્વીટને કરીને જણાવ્યું હતું કે, સુરત નજીક બનેલી આ કરૂણાંતરિકા ભયાવહ છે. મૃતકોના પરિવારજનોને સાંત્વના તેમજ ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવા પ્રાર્થના.

## પરેડમાં રાફેલ પ્રથમ વખત ભાગ લેશે: મહિલા પ્રથમવાર ફાઈટર પ્લેન ઉડાવશે



ન્યુ દિલ્હી,તા.૧૯

રાજધાની દિલ્હીમાં યોજાનાર રિપબ્લિક ડેની પરેડ આ વખતે ઐતિહાસિક હશે. ભારતીય વાયુસેનાની ઝાંકીમાં મહિલા સશક્તિકરણનો સંદેશ આપવામાં આવશે, કારણ કે પ્રથમ વખત કોઈ મહિલા ફાઈટર પાયલોટ તેમાં ભાગ લેશે. આ ગૌરવ પ્રાપ્ત કરનારી ફ્લાઈટ લેફ્ટિનેન્ટ ભાવના કાંત દેશની પ્રથમ મહિલા ફાઈટર પાયલોટોમાંથી એક છે. એરફોર્સની ઝાંકીમાં ફાઈટર વિમાન, ફાઈટર હેલિકૉપ્ટર અને સુખોરી ફાઈટર વિમાન સામેલ થશે. હાલ ભાવના રાજસ્થાનના એક એરબેઝ પર તૈનાત છે. જ્યાં તે મિગ-૨૧ ફાઈટર વિમાન ઉડાવે છે.

આ અંગે ભાવનાના પિતા તેજ નારાયણે જણાવ્યું કે, મને મારી પુત્રી પર ગર્વ છે. દીકરીઓને નજરઅંદાજ ના કરવી જોઈએ. તેમને તક આપવામાં આવે, તો તે ચોક્કસ મોટી ઉપલબ્ધિ પ્રાપ્ત કરે છ ભાવના મૂળ બિહારના દરભંગા જિલ્લાની રહેવાસી છે. ભાવના કાંત ૨૦૧૬માં ફાઈટર પાયલોટ તરીકે એરફોર્સમાં સામેલ થઈ હતી. વર્ષ ૨૦૨૦માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ભાવનાને નારી શક્તિ પુરસ્કારથી સમ્માનિક કરી હતી. ભાવનાએ જણાવ્યું કે, હું નાનપણથી ટીવી પર રિપબ્લિક ડેની પરેડ જોતી આવી છું અને હવે તેનો ભાગ બનવું મારા માટે સમ્માનની વાત છે. એરફોર્સના જણાવ્યા મુજબ, ફાઈટર જેટ રાફેલ પણ પ્રજાસત્તાક પર્વ પર પરેડમાં સામેલ થશે. રાફેલના "વર્ટિકલ ચાર્લી ફૉર્મેશન"માં ઉડાન ભરવા સાથે ફ્લાઈપાસ્ટનું સમાપન થશે. આ દરમિયાન રાફેલ ઓછી ઊંચાઈ પર ઉડાન ભર્યા બાદ ઉપર જશે અને આકાશમાં કરતબ બતાવીને એક ચોક્કસ ઊંચાઈ પર સ્થિર થઈ જશે.

### ૩૩ વર્ષ બાદ ગાબાના મેદાનમાં ભારતના ખેલાડીઓએ તિરંગો લહેરાવ્યો

## ગાબામાં કાંગારૂઓ પરાસ્ત: ભારતનો ઐતિહાસિક વિજય




### ઓસ્ટ્રેલિયાના ૩૨૮ રનના ટાર્ગેટને ભારતે ૭ વિકેટ ગુમાવી ચેઝ કર્યો, શુભમન ગિલ ૯૧, પૂજારા ૫૬ અને પંત ૮૯ નોટઆઉટ ફટકાર્યા

બ્રિસ્બેન,તા.૧૯

ભારતે ઓસ્ટ્રેલિયા સામે બ્રિસ્બેનમાં રમાયેલી ટેસ્ટ મેચ ત્રણ વિકેટથી જીતી લીધી છે. ઋષભ પંતે જોશ હેઝલવુડના બોલ પર ફોર ફટકારીને ભારતને એક ઐતિહાસિક જીત અપાવી છે. આ રીતે ભારતે સતત ત્રીજી વખત બોર્ડર ગાવસ્કર સીરિઝ પર કબજો જમાવી દીધો છે. ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભારતીય ક્રિકેટ ટીમે વિજયવાવટા ફરકાવ્યા છે. ભારતે ૨-૧થી આ સીરિઝ પોતાના નામે કરી લીધી છે. ભારતને જીત અપાવનાર રીષભ પંત મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. સિરિઝમાં સૌથી વધુ વિકેટ લેનાર પેટ કમિન્સને મેન ઓફ ધ સિરીઝ જાહેર કરાયો હતો.

ઋષભ પંતે ૮૯ રન બનાવીને અણનમ રહ્યો હતો. ૩૨ વર્ષમાં પ્રથમ વખત એવું બન્યું છે કે, ઓસ્ટ્રેલિયા બ્રિસ્બેનના મેદાન પર હારી ગયું છે. બ્રિસ્બેનના ગાબા મેદાન પર ઓસ્ટ્રેલિયા છેલ્લા ૩૨ વર્ષથી કોઈ ટેસ્ટ મેચ હાર્યું નથી. ૯૬.૬ ઓવરમાં જોશ હેઝલવુડની બોલિંગમાં ફોર ફટકારીને પંતે ભારતીય ક્રિકેટ ટીમને ત્રણ વિકેટથી જીત અપાવી છે. ભારતે સાત વિકેટ પર ૩૨૯ રન બનાવીને ઓસ્ટ્રેલિયાને ત્રણ વિકેટથી પરાસ્ત કર્યું છે. હેઝલવુડે શાર્દુલ ઠાકુરને નાથનના હાથે કેચ અપાવીને ભારતીય ક્રિકેટ ટીમની સાતમી વિકેટ ખેરવી હતી. ૩૨૫ રને ભારતે સાત વિકેટનું નુકસાન થયું હતું. ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં આ પહેલાં સૌથી સફળ રનચેઝનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના નામે હતો, જે ભારતે બ્રેક કર્યો છે. ઓસ્ટ્રેલિયાએ ૧૯૫૧માં વિન્ડીઝ વિરુદ્ધ ૨૩૬ રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. વર્ષ ૨૦૧૮માં ઓસ્ટ્રેલિયાને એના જ ગ્રાઉન્ડ પર ૨-૧થી માત આપી હતી. ભારતીય ક્રિકેટ ટીમ આ પહેલા ક્યારેય બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં સતત ત્રણ સીરિઝ જીત્યું નથી. આ જીત પાછળ ગીલ, પંત અને પૂજારાનો સિંહફાળો રહ્યો છે. જેણે મેચનું ચિત્ર પલટી નાંખ્યું. ગીલે ૯૧, પંતે ૮૯ અને પૂજારાએ ૫૬ રન ફટકાર્યા હતા. ઓસ્ટ્રેલિયા સામેની આ ટેસ્ટ સીરિઝ અનેક પાસાઓ પરથી ચર્ચામાં રહી હતી. ખાસ કરીને પંતના પર્ફોમન્સને લઈને ઘણી વાત થઈ હતી.

ચેતેશ્વર પૂજારાએ પોતાના ટેસ્ટ કેરિયરની સૌથી ધીમી સદી ફટકારી છે. ૨૧૧ બોલમાં ૫૬ રન કરીને તે કમિન્સની બોલિંગમાં LBW આઉટ થયો હતો.જ્યારે પંત ૧૬ રનથી બેટિંગ કરી રહ્યો હતો ત્યારે ઓફ સ્પીનર લાયનની બોલિંગમાં કીપર પેને સ્ટમ્પિંગ કરવાની મોટી તક મિસ કરી દીધી હતી. જેના કારણે પંતને એક મોટું જીવનદાન મળ્યું હતું. જેનો પૂરતો ઉપયોગ કરીને તેણે ભારતીય ક્રિકેટ ટીમને ઓસ્ટ્રેલિયાના મેદાન પર મોટી જીત અપાવી હતી. ઓસ્ટ્રેલિયાને તેના જ ઘરમાં હાર ચખાડી ભારતીય ક્રિકેટ ટીમના યુવાનોએ નવો ઈતિહાસ રચ્યો છે. વિરાટ કોહલી, ઈશાન શર્મા અને રવિદ્ર જાડેજાની ગેરહાજરીમાં પણ ટીમના ખેલાડીઓએ આ ચમત્કાર કરી દેખાડ્યો છે.

## સીરમ ઈન્સ્ટિટ્યૂટ દેશને ૧ કરોડ વેક્સિનના ડોઝ ફ્રીમાં ઉપલબ્ધ કરાવશે

પૂણે,તા.૧૯

દુનિયાના અનેક વિકસીત અને શક્તિશાળી દેશો હજી પણ કોરોના વાયરસ સામે ઝઝુમી રહ્યાં છે ત્યારે ભારતે કોરોનાની એક નહીં બબ્બે વેક્સીન બનાવીને પોતાની તાકાત સાબિત કરી બતાવી છે. એટલુ જ નહીં ભારતે વિશ્વનું સૌથી મોટું કોરોના રસીકરણ અભિયાન શરૂ કરી દીધું છે. અત્યાર સુધીમાં ત્રણ લાખથી વધારે લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા દેશને ૧ કરોડ વેક્સીનના ડોઝ ફ્રીમાં ઉપલબ્ધ કરાવવાનું વચન આપ્યું છે. વેક્સીન ડોઝ સીરમ ઈન્સ્ટીટ્યૂટ કોવેક્સ ફેસિલિટી અંતર્ગત ઉપલબ્ધ કરાવશે.સોમવારે થયેલી ઉચ્ચસ્તરીય બેઠક દરમિયાન સીરમ ઈન્સ્ટીટ્યૂટે વળતરના મુદ્દાને એકવાર ફરીથી ઉઠાવ્યો છે. ઉલ્લેખનીય છે કે ભારત સરકાર વેક્સીન ખરીદવાના નિયમ પ્રમાણે સાઈડ ઈફેક્ટ્સની સ્થિતિમાં કંપની તમામ ખર્ચ ઉઠાવશે. આ નિયમ સિરમ ઈન્સ્ટીટ્યૂટ અને ભારત અને બાયોટેક બંને વેક્સીન માટે છે.સિરમ ઈન્સ્ટીટ્યૂટના સીઈઓ અદાર પૂનાવાલાએ કહ્યું હતું કે, વેક્સીનના સંબંધમાં આવનારી વિષમ પરિસ્થિતિઓમાં કંપનીને સંરક્ષણ આપવાની જરૂર છે. સીરમ ઈન્સ્ટીટ્યૂટ પ્રમાણે સરકાર દ્વારા ખરીદાયેલા ૧.૧ કરોડ ડોઝની આપૂર્તિ કરવામાં આવી ચૂકી છે. તેમણે જણાવ્યું હતું કે, હાલ કંપની પાસે સ્ટોકમાં ૫.૩ કરોડ વેક્સીન ડોઝ છે. જેને સેન્ટ્રલ ડ્રગ લેબ દ્વારા ક્લિયર કરવામાં આવી ચૂક્યા છે. જેમાંથી આશરે અઢી કરોડ ડોઝ એક્સપોર્ટ કરવામાં આવ્યા છે જ્યારે અઢી કરોડ જોઢ ભારત માટે અલોટ છે.સૂત્રો પ્રમાણે ભારત બાયોટેક આગામી કેટલાક સમયમાં મ્યામાર, મંગોલિયા, ઓમાન, બહરીન, ફિલિપીન્સ, માલદીવ્સ, મોરિશસ જેવા દેશોને ૮.૧ લાખ વેક્સીન ડોઝ ઉપલબ્ધ કરાવશે. આ અગાઉ ૧૫ જાન્યુઆરીએ કોરોના નેશનલ એક્સપર્ટ ગ્રૂપની બેઠકમાં અન્ય દેશોની મદદ ઉપર પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં નિર્ણય લેવાયો હતો કે, અન્ય દેશોની મદદ કરવા માટે વેક્સીન ડોઝની ખરીદી વિદેશ મંત્રાલય દ્વારા કરાવમાં આવશે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૪૮૫
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૨૫૬૮૫૨
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૦૨
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૭૦૯
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૨૪૬૫૧૬

### ભારત બાયોટેકની ફેક્ટશીટ

## ગર્ભવતી મહિલા અને ગંભીર બીમારી હોય તેવા લોકોને વેક્સિન ન લેવાની સલાહ

ન્યુ દિલ્હી,તા.૧૯

કોરોના વાઈરસ વિરુદ્ધ ચાલી રહેલા જંગમાં દેશમાં વેક્સિનેશનની શરૂઆત થઈ ચૂકી છે. કોવેક્સિન બનાવનાર ભારત બાયોટેક તરફથી ગત દિવસે એક ફેક્ટશીટ જાહેર કરાઈ, જેમાં કોવેક્સિન સાથે જોડાયેલા સવાલોનો જવાબ આપવામાં આવ્યો છે. કંપનીનું કહેવું છે કે જોઈ કોઈ વ્યક્તિ રેગ્યુલર દવા લઈ રહ્યો છે, જેની સીધી અસર તેના ઈમ્યુન સિસ્ટમ પર થાય તો તેવી વ્યક્તિએ હાલ કોવેક્સિન ન લગાવવી જોઈએ. ભારત બાયોટેક તરફથી અપીલ કરવામાં આવી છે કે જે લોકોને કોઈ પ્રકારની એલર્જી હોય અથવા કોઈ ગંભીર બીમારી હોય તો એવા લોકો પણ વેક્સિન લેતાં પહેલાં જાણ જરૂર કરે.

જેમને કોઈ એલર્જી હોય, તાવ હોય, ઈમ્યુન સિસ્ટમ સાથે જોડાયેલી દવાઓ લઈ રહ્યા હોય, ગર્ભવતી મહિલા હોય અથવા તો બાળકને સ્તનપાન કરાવનાર મહિલા હોય.

ભારત બાયોટેક તરફથી આ ફેક્ટશીટ ત્યારે જાહેર કરવામાં આવી, જ્યારે વેક્સિનેશન પોતાની ગતિ પકડી ચૂક્યું છે. છેલ્લા ત્રણ દિવસમાં અત્યારસુધીમાં લગભગ ૫૦૦ એવા કેસ નોંધાઈ ચૂક્યા છે, જ્યાં વેક્સિન લેનાર વ્યક્તિને તકલીફ થઈ હોય.

આ તમામ કારણોને ધ્યાનમાં રાખતાં ભારત બાયોટેકે તમામ સાવધાનીઓને જાહેર કરી છે. કંપનીનું કહેવું છે કે તમે જ્યારે વેક્સિનેશન સેન્ટર પર જાઓ તો અધિકારીઓને તમારી બધી તકલીફ જણાવજો.

કંપનીનું નિવેદન છે કે વેક્સિનનો બીજો ડોઝ લીધા પછી વ્યક્તિને ત્રણ મહિના સુધી રેગ્યુલર ફોલો કરાશે અને તેનું અપડેટ લેવાશે. ભારત બાયોટેક અંગે ઘણી વખતે ઘણા સવાલો ઊભા થઈ ચૂક્યા છે, જેમાં કોવેક્સિનના ત્રીજા તબક્કાની ટ્રાયલ, તેની મંજૂરી પર શંકા વ્યક્ત કરવામાં આવી ચૂકી છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના રસીને લઈને વિશ્વના દેશોની નજર ભારત પર શા માટે.....?!

દેશભરમાં કોરોના કેસોની સંખ્યા દિવસો-દિવસ ઘટતી જઇ રહી છે તેને કારણે લોકોમાં કોરોનાનો ડર પણ દૂર થવા લાગ્યો છે..... પરંતુ મેડિકલ નિષ્ણાતોના કહેવા અનુસાર કોરોના સદંતર ગયો નથી તેથી દરેક લોકોએ સાવચેત રહેવાની જરૂર છે તેમાં પણ માસ્ક, હાથ ધોવાનું કામ ખાસ જરૂરી છે. સરકારે દેશ ભરમાં કોરોના વેક્સિન આપવા માટે વિશ્વભરમાં સૌપ્રથમ વિશાળ પ્રમાણમાં ભારતમાં અભિયાન ચલાવ્યું તેમાં ત્રણ કેસ છોડીને મોટાભાગે સફળતા પ્રાપ્ત થઈ છે. આ કારણે પ્રાયોરિટી અનુસાર નક્કી કરેલ અએક કરોડ પૈકી ૩ લાખ ૮૦ હજારથી વધુ લોકોને રસી આપવામા આવી. તેમજ જે લોકોને રસી આપવાની બાકી છે તે તમામને આગામી મહિના દરમિયાન આપી દેવામાં આવશે. સરકારની કોરોના રસી આપવાની શરૂઆત થતાં સમયે એક નવા સમાચાર આવ્યા કે દેશમાં ત્રીજી રસી આવી ગઈ છે જે રશિયાની કોવિડ વેક્સિન છે અને તેની ત્રીજા તબક્કાની ક્લિનીકલી ટ્રાયલ માટે મંજૂરી આપી દેવામાં આવી છે. ટૂંકમાં ભારત વિશ્વમાં છવાઈ ગયું છે જેનું કારણ જોઈએ તો વિશ્વના ૬૦ થી વધુ દેશોએ ભારત પાસે કોરોના રસીની માંગ કરી છે. વિશ્વના દેશોની નજર ભારતમાં બનેલી દેશી કોરોના વેક્સિન પર છે.... ભારતે બે કરોડ જેટલા રસીના ડોઝ પડોશી રાજ્યોને આપવા માટેની તૈયારી કરી લીધી છે. ટૂંકમાં ભારતની દેશી કોરોના રસી સફળ રહી છે તે મોટી અને આનંદની વાત છે. હવે સરકારને કોરોનાની ચિંતા ઓછી થઇ જશે એટલે હવે દેશના આગામી બજેટ,બર્ડ ફ્લુ, ખેડૂત પ્રશ્નો સહિતના વિવિધ પ્રશ્નો ઉકેલવા તરફ વધુ સમય ફાળવી શકશે. કેન્દ્રનું બજેટ સત્ર આગામી ૨૯ મી જાન્યુઆરીથી શરૂ થનાર છે પરંતુ આ સત્ર બે ભાગમાં વહેંચી દેવાયું છે જેમાં બીજો ભાગ ૮ મી એપ્રિલ સુધી ચાલશે અને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ નું સામાન્ય બજેટ પહેલી ફેબ્રુઆરીએ સંસદમાં રજૂ થનાર છે. ત્યારે નાણામંત્રી પર સૌથી મોટી જવાબદારી કોરોના મંદીમાંથી દેશને બેઠો કરી દેશના અર્થતંત્રની ગાડી પાટા પર ચડી જાય તે માટેના વિવિધ આયોજનો સાથેની છે. હવે બજેટ કેવું રજૂ કરે છે તેના પર દેશની વિવિધ આર્થિક ક્ષેત્રોનો આધાર છે.....!! ભારતના પડોશી દેશો પૈકી ચીન અને પાકિસ્તાનની સ્વાર્થભરી દોસ્તીએ ભારતમાં પાકિસ્તાનની ઘૂસણખોરી કરાવવાથી લઈને ત્રાસવાદી હુમલા વધારે દીધા છે તો સામે આપણા જવાનો પણ જડબાતોડ જવાબ આપી રહ્યા છે. જોકે કોરોનાના બીજા તબક્કાની મહામારી વચ્ચે ફસાયેલા ચીને આપણા દેશના રાજ્ય અરુણાચલ વિસ્તારમાં ઘુસી ગયું જે અંદાજે ૬૦ કિલોમીટરથી વધુ વિસ્તારમાં ઘુસવા સાથે મકાનો પણ ઉભા કરી દીધા છે જેની જાણ સરકારને વિદેશી ઉપગ્રહો દ્વારા થઈ એટલે સરકાર હવે ચીન સામે ચક્રવ્યુહ ઘડવામાં લાગી ગઈ છે. લશ્કરનું ધ્યાન મોટાભાગે લડાખ અને ગરવાન સરહદ પર વધારે પ્રમાણમાં રાખવું પડ્યું છે કારણ ચીને મોટા પ્રમાણમા લશ્કર ખડકી દીધુ હતું જેથી ત્યાં વધારે પ્રમાણમાં આપણું લશ્કર રહ્યું છે કારણ કે ચીને જે રીતે ઘૂસણખોરી કરી હતી તે ચિંતા ઉપજાવનારી હતી. જ્યારે કે અવળચંડા, ચીનના ખીલા પર કુદતા પાકિસ્તાને ચીનને ભારતના પાકિસ્તાનના કબજામાં રહેલ ગિલગીટ- બાલ્ટિસ્તાન કે જેને આપણે "પોક" વિસ્તાર કહીએ છીયે ત્યાં સ્વર્ગ સમાન ૧૦ વેલી આવેલી છે. અહી પાકિસ્તાન ચીનને પ્રવેશ આપી બંધ બાંધવાનું કાર્ય શરૂ કરાવી દીધું છે... જેની સામે પોક વિસ્તારના લોકોનો ભારે વિરોધ થઇ રહ્યો છે. તો પાકિસ્તાનમાં મોંઘવારીથી લઈને વિવિધ અનેક પ્રશ્ને ત્રાસી ગયેલ સિંધ પ્રાંતના લોકો રોડ-રસ્તા ઉપર ઇમરાન ખાન સરકારની વિરોધમાં આવી ગયા છે અને ભારે દેખાવો કરી રહ્યા છે. જેમાં અલગ દેશની માગ કરવા સાથે આપણા વડાપ્રધાન મોદીજીના ફોટા બતાવી જોરદાર દેખાવ કરી રહ્યા છે. તેની મોટી અસર પાકિસ્તાનમાં પડી છે. ખુદ પાકિસ્તાનની પ્રજા ઈમરાન સરકારથી બેહદ પરેશાન થઈ ગઈ છે એટલે અહીં ક્યારે શું ઘટના ઘટી શકે તે કોઈ કહી શકે તેમ નથી.....! કારણ લશ્કર પણ ઇમરાન ખાનને ઈચ્છતું નથી.....!!

# ભારત કોરોના રસીના દસ મિલિયન ડૉઝ દાન કરશે, ભુતાન સહિતના પાડોશી દેશોને મફત આપશે

ન્યુ દિલ્હી,તા.૧૯

કોરોના મહામારી જેવી આપત્તિના સમયમાં મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવતા પાડોશી દેશોને ભારત કોરોનાની રસી મફત આપશે એવી જાણકારી મળી હતી. આ રીતે ભારત પાડોશી ધર્મ બજાવશે.

લેટેસ્ટ માહિતી મુજબ ભારત ખાસ કરીને અફઘાનિસ્તાન, ભુતાન, નેપાળ, બાંગ્લા દેશ, શ્રીલંકા, માલદીવ્સ અને મોરેશિયસને કોરોનાની રસીના ૧૦ મિલિયન એટલે કે એક કરોડ ડૉઝ ફ્રીમાં આપશે. નવી દિલ્હીએ અગાઉ પણ કેટલાક અવસરે કહ્યું હતું કે કોરોના મહામારી દરમિયાન ભારત એના પાડોશી મિત્ર દેશોને યથાશક્તિ સહાય કરશે.

એક અહેવાલ મુજબ ભારત સરકાર મિત્ર હોય એવા પાડોશી દેશોને કોરોનાની રસીના દસ મિલિયન જેટલા ડૉઝ નિઃશુલ્ક પૂરા પાડશે. હાલ આપણે ત્યાં હેલ્થ વર્કર્સ અને ફ્રન્ટલાઇન કાર્યકરોને રસી અપાઇ રહી છે. એ જ રીતે લદ્દાખમાં ફરજ બજાવી રહેલા ભારતીય લશ્કરના જવાનોને રસી અપાઇ રહી હતી. એમાંથી થોડી નવરાશ મળે કે તરત ભારત મિત્ર પાડોશી દેશોને કોરોનાની રસીના ૧૦ મિલિયન ડૉઝ રવાના કરશે.

રસપ્રદ વાત એ છે કે ભારતીય નાગરિકોને કોરોનાની રસી મફત મળશે કે કેમ એની સ્પષ્ટતા હજુ કેન્દ્ર સરકારે કરી નથી. અત્યારે એવા અહેવાલો પ્રગટ થઇ રહ્યા હતા કે કોરોનાની રસીના ડૉઝ દીઠ રૂપિયા બસોનો ખર્ચ આવશે. આ ખર્ચ કોણે ભોગવવાનો છે એની સ્પષ્ટતા પણ કેન્દ્ર કે રાજ્ય સરકારોએ કરી નથી. એક માત્ર પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ એવી જાહેરાત કરી હતી કે મારા રાજ્યના લોકોને કોરોનાની રસી મફત મળશે. અન્ય કોઇ રાજ્યે કે કેન્દ્ર સરકારે આવી કોઇ સ્પષ્ટતા હજુ કરી નથી. અત્યાર સુધીમાં આશરે સાડા ત્રણ લાખ હેલ્થ વર્કર્સને અને ફ્રન્ટલાઇન કાર્યકરોને રસી અપાઇ ચૂકી હતી. બીજી બાજુ મિત્ર હોય એવા પાડોશી દેશોને એક કરોડ ડૉઝ મફત આપવાની વિચારણા કેન્દ્ર સરકાર કરી રહી હોવાનું જાણવા મળ્યું હતું.

# ત્રણ કૃષિ કાયદા ખેતીને બરબાદ કરી દેશે, મોદી-ભાજપથી નથી ડરતોઃ રાહુલ ગાંધી

*ન્યુ દિલ્હી,તા.૧૯*

કોરોના સંકટ, કિસાન આંદોલનના મુદ્દા પર વિપક્ષ સતત કેન્દ્ર સરકારને ઘેરી રહ્યું છે. આ કડીમાં આજે કોંગ્રેસ સાંસદ અને પૂર્વ પાર્ટી અધ્યક્ષ રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ કરી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે ત્રણ કૃષિ કાયદા ખેતીને બરબાદ કરી દેશે, હું તેનો વિરોધ કરતો રહીશ. હું આજે જે.પી.નડ્ડાના પ્રશ્નોના જવાબ આપીશ નહીં, માત્ર ખેડૂતો અને દેશના પ્રશ્નોના જવાબ આપીશ.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી બોલ્યા કે નરેન્દ્ર મોદી એક-એક પગલાના હિસાબથી ખેડૂતોને ખત્મ કરવામાં લાગ્યા છે. આ માત્ર ત્રણ કાયદા પર થોભીશ નહીં, પરંતુ અંતમાં ખેડૂતોને ખત્મ કરવા માંગે છે. જેથી કરીને દેશની આખી ખેતી પોતાના ત્રણ-ચાર મિત્રોને આપી શકે.

રાહુલ ગાંધીએ કહ્યું કે આખો દેશ વિરૂદ્ધ થઇ ગયો, તેમ છતાંય હું સાચા માટે લડતો રહીશ. હું નરેન્દ્ર મોદી કે ભાજપથી ડરતો નથી. રાહુલ ગાંધી બોલ્યા કે આ લોકો મને હાથ પણ લગાવી શકે તેમ નથી, પરંતુ ગોળી મરાવી શકે છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી બોલ્યા કે આ લોકો ખેડૂતોને થકાવા માંગે છે પરંતુ તેમને બેવકૂફ બનાવી શકશે નહીં.

કિસાન આંદોલન હોય, વેક્સીનેશનની પ્રક્રિયા હોય કે પછી ચીનની સાથે ચાલી રહેલ વિવાદ રાહુલ ગાંધીની તરફથી સતત મોદી સરકારને ઘેરવામાં આવે છે.

કોંગ્રેસની તરફથી સંસદમાં પણ કૃષિ કાયદાનો વિરોધ કર્યો હતો આ સિવાય આ મુદ્દા પર રાહુલ ગાંધીએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની પણ મુલાકાત કરી હતી. સાથો સાથ મંગળવારના રોજ રાહુલ ગાંધીએ આરોપ મૂકયો કે અરૂણાચલ પ્રદેશમાં ચીનની તરફથી એક ગામ વસાવી લેવામાં આવ્યું છે.

# ભારતે કોરોના સંકટનો સામનો યોગ્ય રીતે કર્યો, દિલ્હી પોલીસનું કામ બિરદાવવા લાયકઃ શાહ

*ન્યુ દિલ્હી,તા.૧૯*

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ મંગળવારે દિલ્હી પોલીસ હેડક્વાર્ટર પહોંચ્યા હતા. દિલ્હીમાં ગૃહ મંત્રીએ પ્લાજમા ડોનર સાથે મુલાકાત કરી અને તેની સાથે જોડાયેલી એપ લોન્ચ કરી. આ દરમિયાન અમિત શાહે દિલ્હી પોલીસના કામના વખાણ કર્યા. શાહે કહ્યું કે પોલીસે સમાજની સાથે ખભાથી ખભો મેળવીને દરેક મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવો જોઈએ. કોરોના કાળમાં દિલ્હી પોલીસે એવું જ કર્યુ છે. જેનાથી જનતાનો ભરોસો પોલીસ એડમિનિસ્ટ્રેશન પર વધારે મજબૂત થયો છે.

ત્યારે કોરોના સંકટ અને વેક્સીનેશન પર અમિત શાહે કહ્યું કે વર્ષ ૨૦૨૦ સમગ્ર દુનિયા માટે પડકાર લઈને આવ્યુ હતુ. પડકાર એ હતો કે કોરોના સંકટથી કેવી રીતે બહાર આવી શકાય. ભારત માટે આ મોટો પડકાર હતો. પરંતુ આપણે કોરોનાની વિરુદ્ધ લડાઈ સારી રીતે લડ્યા. આપણે તમામ પડકારનો સામનો કર્યો. જેમાં દિલ્હી પોલીસે ખાસ કરીને સારુ કામ કર્યુ છે.

શાહે કહ્યું કે ચાહે દિલ્હીના રમખાણો દરમિયાન કાયદાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની હોય, લોકડાઉનની ગાઈડલાઈનનું પાલન કરાવવાનું હોય, પ્રવાસી કામગારોને ઘરે મોકલવાનું હોય, ખેડૂત આંદોલનને શાંતિ પૂર્વક મેનેજ કરવાનું હોય, દિલ્હી પોલીસે આ તમામ મામલામાં પોતાની તત્પરતા અને સુઝબુઝતાનો પરિચય આપ્યો છે. એટલા માટે પોલીસ ટેક્નોલોજી સેલનું ગઠન કરવામાં આવ્યુ છે કે જે પોલીસના કામ કાજ માટે વિભિન્ન ટેક્નોલોજીની આયાત, ઉપયોગ અને સમયાનુસાર વુદ્ધિ તરીકે કામ કરશે. આ કાર્યક્રમ પહેલા દિલ્હીની સુરક્ષા પર પોલીસ અધિકારીઓની સાથે ગૃહ મંત્રી અમિત શાહની બેઠક થઈ. જાણકારી મુજબ આ બેઠકમાં ખેડૂત આંદોલન પર પણ ચર્ચા થઈ. ત્યારે ખેડૂતોની ટ્રેક્ટર રેલીને લઈને સિંધુ બોર્ડર પર દિલ્હી પોલીસ અને ખેડૂતોની વચ્ચે બેઠક શક્ય છે.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૦૭ અને ચાંદીમાં રૂ.૬૮૮ની વૃદ્ધિઃ ક્રૂડ તેલ પણ વધ્યું

મુંબઈ:

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૭૩૬૩૧ સોદામાં રૂ.૧૧૩૭૧.૭૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૭ અને ચાંદીમાં કિલોદીઠ રૂ.૬૮૮ની વૃદ્ધિ થઈ હતી. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં સેંકડા વધ્યા હતા. સીપીઓ, મેન્થા તેલ અને રબરમાં નરમાઈ સામે કપાસમાં સુધારો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૧૫૩૮ સોદાઓમાં રૂ.૫૪૮૬.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૯૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૦૭૦ અને નીચામાં રૂ.૪૮૮૧૩ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૭ વધીને રૂ.૪૯૦૦૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૧ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૪૦૭ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૮૮૮ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧ વધીને બંધમાં રૂ.૪૯૦૩૯ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૫૮૨૯ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૧૯૫ અને નીચામાં રૂ.૬૫૪૭૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૮૮ વધીને રૂ.૬૬૧૧૭ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૬૮૪ વધીને રૂ.૬૬૦૯૧ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૬૬૦ વધીને રૂ.૬૬૦૭૦ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૭૬૪૦ સોદાઓમાં રૂ.૨૦૭૨.૪૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૮૨૩ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૬૩ અને નીચામાં રૂ.૩૮૧૭ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૨ વધીને રૂ.૩૮૫૫ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૪૭૩૮ સોદાઓમાં કુલ રૂ.૫૪૭.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૦૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૨૪૦ અને નીચામાં રૂ.૨૧૦૮૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩૦ વધીને રૂ.૨૧૧૫૦ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૪૬.૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૪.૩ ઘટીને બંધમાં રૂ.૯૨૬.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૭૦.૨ ખૂલી, ઊપરમાં રૂ.૯૮૩ અને નીચામાં રૂ.૯૬૮.૧ રહી, અંતે રૂ.૯૭૨.૧ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૯૬.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૯૮ અને નીચામાં રૂ.૧૧૯૧.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫ વધીને રૂ.૧૧૯૪.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૬૯૭૦ સોદાઓમાં કુલ રૂ.૨૬૦૨.૦૩ કરોડ ની કીમતનાં ૫૩૧૪.૪૦૯ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૪૫૬૮ સોદાઓમાં કુલ રૂ.૨૮૮૪.૦૭ કરોડ ની કીમતનાં ૪૩૭.૮૪૮ ટન, ક્રૂડ તેલમાં ૪૭૦૭ સોદાઓમાં રૂ.૩૬૩.૮૪ કરોડનાં ૯૪૬૩૦૦ બેરલ્સ, કોટનમાં ૯૨૮ સોદાઓમાં રૂ.૭૪.૮૩ કરોડનાં ૩૫૧૨૫ ગાંસડી, સીપીઓમાં ૩૬૯૨ સોદાઓમાં રૂ.૪૬૪.૯૯ કરોડનાં ૪૯૭૮૦ ટન, મેન્થા તેલમાં ૫૦ સોદાઓમાં રૂ.૬.૨૨ કરોડનાં ૬૩.૭૨ ટન, કપાસમાં ૧૦ સોદાઓમાં રૂ.૨૬.૨૮ લાખનાં ૪૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૮૩૮૭.૩૨૮ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૪૯.૩૯૨ ટન, ક્રૂડ તેલમાં ૧૮૮૮ બેરલ્સ, કોટનમાં ૧૫૨૧૨૫ ગાંસડી, સીપીઓમાં ૮૩૪૫૦ ટન, મેન્થા તેલમાં ૧૩૯.૩૨ ટન અને કપાસમાં ૨૯૬ ટનના સ્તરે રહ્યો હતો. સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫.૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૧ અને નીચામાં રૂ.૧૪.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૦ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૫ અને નીચામાં રૂ.૧૬૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૮૯.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૬૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૨૦૨૭.૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૬૫ અને નીચામાં રૂ.૧૯૮૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૧૨૭બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૪૦ અને નીચામાં રૂ.૫૩૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૩૯ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૬૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૭૪ અને નીચામાં રૂ.૧૫૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭૦.૯ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૮૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૭૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૭૫ અને નીચામાં રૂ.૧૫૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬૨.૨ બંધ રહ્યો હતો.

# દેશના વરિષ્ઠ કેન્સર નિષ્ણાંત ડો. વી. શાંતાનું નિધન

*ન્યુ દિલ્હી,તા.૧૯*

દેશના વરિષ્ઠ કેન્સર નિષ્ણાત અને અદ્યાર કેન્સર ઈન્સ્ટીટ્યુટના અધ્યક્ષ ડૉક્ટર વી શાંતાનું આજે મંગળવારે ૧૯મી જાન્યુઆરીએ સવારે ૯૩ વર્ષની વયે નિધન થયું હતું.

ડૉક્ટર શાંતા પદ્મવિભૂષણ હતાં. એમને રેમન મેગ્સેસે એવોર્ડથી પણ વિભૂષિત કરાયાં હતાં. નોબેલ પારિતોષિક વિજેતા પ્રસિદ્ધ ભારતીય વિજ્ઞાની એસ ચંદ્રશેખર તેમના મામા હતા અને બીજા નોબેલ પારિતોષિક વિજેતા વિજ્ઞાની સી વી રમણ ડૉક્ટર શાંતાના માતામહ (નાના)ના ભાઇ હતા. આમ જગપ્રસિદ્ધ પરિવારમાંથી ડૉક્ટર શાંતા આવ્યા હતા.

સોમવારે રાત્રે લગભગ નવેક વાગ્યે એમણે છાતીમાં પીડા થતી હોવાની ફરિયાદ કરી હતી. તેમને તરત એક ખાનગી નર્સિંગ હોમમાં લઇ જવાયાં હતાં. કેન્સર ઈન્સ્ટીટ્યુટના પ્રવક્તાએ આપેલી માહિતી મુજબ મંગળવારે સવારે બ્રાહ્મ મુહૂર્તે ૩.૫૫ વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના પાર્થિવ શરીરને ઓલ્ડ કેન્સર ઈન્સ્ટીટ્યુટમાં લોકોના દર્શન માટે લઇ જવાયો હતો. આ સંસ્થા તેમણે પોતાના ગુરુ ડૉક્ટ્ર કૃષ્ણમૂર્તિ સાથે મળીને બનાવી હતી.

હૉસ્પિટલમાં લઇ જવાયાં ત્યાં સુધી ડૉક્ટર શાંતા હોશમાં હતા અને સહાયકોને સૂચના આપી રહ્યા હતા. છેલ્લા થોડા દિવસથી તેઓ અપસેટ રહેતા હતા. કોરોના મહામારીના પગલે ઉદ્ભવેલા પ્રશ્નોથી તેઓ ચિંતિત રહેતાં હતાં. તેમણે સ્થાપેલી કેન્સર ઈન્સ્ટીટ્યુટમાં રાયથી માંડીને રંક સુધીના સૌને શ્રેષ્ઠ સારવાર પૂરી પડાય છે. સારવારનો ખર્ચ ભોગવી ન શકે એવા લોકોને અહીં ફ્રી સારવાર અપાય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ડૉક્ટર શાંતાના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને સદ્ગતને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# પ્રથમ પગલું પોતાને ઓળખવાનું




સરવાળે સંબંધ
મેધા પંડ્યા ભટ્ટ
medha.pandya@gmail.com



જીવનમાં આનંદનો આધાર માનવીય સંબંધો અને પ્રત્યેક વ્યક્તિના મનના વિચારો પર રહેલો છે. જ્યારે આ બંને બાબતો ડગમગવા લાગે ત્યારે દરેક વ્યક્તિમાં હતાશા જોવા મળે છે. બે વ્યક્તિના સંબંધમાં ઊભી થતી ઉણપતેમના સંબંધને ખાટા અને તીખા બનાવવાની શરૂઆત કરી દે છે. નાની નાની બાબતો પર ગુસ્સો કરવો, પોતાના માટે કોઇને સમય નથી, તેવા સતત વિચારો આવવા, દરેક વ્યક્તિ અને બાબતને નકારાત્મક રીતે લેવી,આ સઘળી બાબતો માનસિક રોગનો ભોગ બનાવવા તરફ ધકેલે છે.

સુંદર જીવન છે, તો તેને આનંદથી જીવવું એ દરેકની ફરજ છે. અનેક લોકોની જુદી જુદી ફરિયાદ સાંભળવા મળે છે કે તેણે મને મારા જન્મદિવસ પર ફોન ન કર્યો, જ્યારે મારે જરૂર હોય ત્યારે તે મારી સાથે હોતો કે હોતી નથી, કોઇ મારી લાગણીને સમજતું નથી. મારા માટે કોઇની પાસે સમય નથી, મને સારી ગીફ્ટ પણ ન આપી. આવી બધી અપેક્ષાઓ સામેવાળાના નહીં તમારા પોતાના મનને જ રોગી બનાવી દેશે.

આપણે આપણી આજુબાજુ એવી ઘણી વ્યક્તિને જોઇએ છીએ કે જે નાની નાની બાબતોને લઇને ફરીયાદો કરતા રહે છે. તેનાથી તેમના ઘરમાં તો સંબંધ બગડે જ છે, સાથે જ આજુબાજુના લોકો સાથે પણ તેમના સંબંધ સારા હોતા નથી. તેના માટે પણ તેઓ હંમેશા બીજાને જ દોષી માને છે.

તમારા જીવનનો સાચો અને યોગ્ય પથ જીવનસાથી સાથે સુમેળ સાધીને અને એકબીજાના વિચારોને સમજીને રહેવાનો છે. જીવનમાં કોઇપણ વ્યક્તિ સંપૂર્ણ હોતી નથી. દરેકમાં કંઇકને કંઇક ખામી હોય છે. બંનેએ બંનેના ફક્ત સદ્ગુણો જ નહીં પણ દુર્ગુણો સાથે એકબીજાનો સ્વીકાર કરવાનો હોય છે. તેમાં જો નાની નાની વાતોની ફરીયાદો બનાવીને રજૂ કરો તો સામેવાળી વ્યક્તિને તમારા પ્રત્યે લાગણી કે માન રહેતું નથી. પતિ પોતાના ઓફિસ સમય દરમિયાન જો ફોન ઊપાડી ન શકે કે દિવસ દરમિયાન પત્ની સાથે વાત ન કરે તો પત્નીની ફરીયાદોનો ટોપલો સાંજે પતિના માથે ઢળી પડે છે.

કોઇપણ વ્યક્તિને તમે તમારી રીતે રહેવા માટે ક્યારેય મજબૂર કરી શકો નહીં, પછી તે વ્યક્તિ પત્ની હોય કે પતિ. બંનેને પોતાના વિચારો, વ્યક્તિત્વ અને એક અલગ ઓળખ હોય છે. તેના પર પરાણે પોતાનો જ કક્કો ખરો છે એમ માનવાની ભૂલ ક્યારેય કરવી નહીં. તમે બીજાને સુધારવા માટે સતત પ્રયત્ન કરતા રહો છો, પણ સૌથી પહેલા તો તમારે પોતાની અંદર ડોકીયું કરીને જોવાની જરૂર છે, કે શું આપણે બીજાને સુધારવા પાત્ર છીએ. તમને તમારો જવાબ જાતે જ મળી જશે. બીજાને દોષ દેતા પહેલા કે બીજા પ્રત્યે નકારાત્મક વલણ ઊભું કરતા પહેલા પોતાની જાતને અરીસા સામે ઊભી રાખીને પૂછજો, કે હું જે બાબતોની આશા સામેવાળી વ્યક્તિ પાસેથી રાખું છું, તેમાં ક્યારેય પોતે ખરી ઊતરી શકીશ.

તમે કોઇપણ વસ્તુની આશા ત્યારે જ રાખી શકો કે જ્યારે તમે એપ્રમાણે કરીને દેખાડ્યું હોય. જો પતિ માટે તમે તેમની મનપસંદ કોઇ એક બાબતને સ્વીકારીને જીવો તો તેમના મનમાં તમારા પ્રત્યેમાન જરૂર જાગશે. પણ હા તેમની કઇ બાબતની પસંદગી કરો છો, તે નક્કી કરવી મુશ્કેલ છે. પતિની બાબતો સ્વીકારીને તેમને પોતાની બાબતો પરાણે સ્વીકારવા ફરજ પાડવી નહીં.

વ્યક્તિના વિચારો અને માનસિકતા નાનપણમાં મળેલા વાતાવરણથી કે પછી તેના મિત્રોના કારણે બદલાતી હોય છે. જેમના ઘરનું વાતાવરણ આનંદિત હોય, તેવા લોકો દરેક સંબંધને ખૂબ જ કુશળતાથી નિભાવે છે. જેમના ઘરનું વાતાવરણ હંમેશા તણાવવાળું રહ્યું હોય, તેમના બાળકો હંમેશા બીજાની ભૂલો કાઢતા જ શીખે છે, તેવા બાળકો ભવિષ્યમાં સંબંધને સહજતાથી નિભાવી શકતા નથી.

જે લોકો પૂર્ણતાના આગ્રહી-પરફેક્શનિસ્ટ હોય છે, તે ફક્ત પોતાના કામમાં જ નહીં પણ બીજા લોકોમાં પણ કંઇક પૂર્ણતા શોધતા રહે છે. જેના કારણે તેમને બીજામાં પણ ખામી દેખાતી રહે છે. પોતાના કોઇપણ સંબંધને સારો બનાવવામાં આવા લોકો ક્યારેય પોતાની તરફથી પહેલ કરતા નથી. હંમેશા બીજામાં ખામીઓ શોધીને તેમનાથી દૂર થનાર વ્યક્તિના જીવનમાં એક સમય એવો આવે છે કે જ્યારે તે એકદમ એકલો પડી જાય છે. આવા લોકોના સંબંધો સહજ રહી શકતા નથી. તેમના દાંમ્પત્યજીવન અને પ્રોફેશનલ લાઇફ, દરેક સ્થળે તેમને લોકોમાં કંઇકને કંઇક ખામી દેખાય છે. જેના કારણે સામેવાળી વ્યક્તિ સાથે તેમનું વર્તન નારાજગીવાળું રહે છે. મનમાં જે નકારાત્મક અસર ઘર કરી ગઇ હોય છે, તેની સામાજીક સંબંધો પર ખૂબ ખરાબ અસર પડે છે. સ્વભાવ ચિડીયો બની જાય છે, જેના કારણે મિત્રો અને સંબંધીઓ પણ તેમનાથી દૂર થઇ જાય છે.

જો તમને લાગતું હોય કે તમારી અંદર કેટલીક ખરાબ આદતો કે નકારાત્મક અભિગમ વધારે પ્રમાણમાં છે, તો તેના માટે સંકોચ પામવાની કે શરમમાં મૂકાવાની કોઇ જરૂર નથી. દરેક વ્યક્તિમાં ખૂબીઓની સાથે ખામીઓ પણ હોય જ છે. જો વિચારોમાં હકારાત્મક વલણનો ડોઝ વધારી દેશો તો તેમાં સરળતાથી ફેરફાર લાવી શકાય છે. દરેક સંબંધને સારી રીતે નિભાવવો તે પણ એક કળા છે. તેના માટે બીજાની નાની નાની બાબતોને નજર-અંદાજ કરવું જરૂરી છે. જો તમને કોઇની વાત સાંભળીને દુખ થયું હોય તો તેની વાત ભૂલીને નવી રીતથી સંબંધ સુધારવાનો પ્રયત્ન કરવો જોઇએ. કોઇકવાર પોતાની જાતને બીજાની જગ્યાએ મૂકીને વિચારી જુઓ. આવું વિચારવાથી તમારા વર્તન અને વિચારોમાં ફેરફાર લાવવો વધારે સરળ બની જશે. સંબંધને મજબૂત બનાવવા માટે માત્ર લાગણીશીલબનવાને બદલે સાથે સમજણ પણ જરૂરી હોય છે. જેથી વર્તન હંમેશા સંતુલનમાં રહે તે ખાસ ધ્યાન રાખવું.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની આજે પાંચ પદ્ય પ્રસિદ્ધ કરવામાં આવે છે.અખબારો,ન્યૂઝ પોર્ટલ,ન્યૂઝ ચેનલ અને સાહિત્ય સરિતાના ભાગ લેવા સમાચારો મોકલવા સંપર્ક કરો.

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling: 9824653073

---

પદ્ય વિભાગ...
NOG સાહિત્ય સરિતા ગ્રુપ - ૧
NOG SS No :- 0025
પ્રકાર : પદ્ય
શીર્ષક : ઉત્તરાયણ

આજે ગુંજે છે આગાસી,
આજે ધાબા ને મળી છે વાણી.
શાંત થઈ જાય ઘર,
ને વાત કરે છે છત.
આંગણાને ઈર્ષા થાય,
માટે ચૂપ ચૂપ થઈને બેસી જાય.
ઉતરાયણ ઉમંગથી ઉજવાય,
'સુજ્ઞ'પતંગ તો બહુ હરખાય.

'સુજ્ઞ' ભુમિત પીઠડીયા

---

NOG SS No :- 0038
વિભાગ :- પદ્ય
શીર્ષક :- સબંધનો પતંગ

પ્યારની મજબૂત દોરથી બંધાયો
સબંધનો પતંગ દૂર આકાશમાં ઉડે છે...!
આવે હવા તોફાન ના ડગે,
સ્નેહના કાગળે બનાવ્યો છે...!
ઈર્ષ્યા, લોભ ,લાલચ ના કાપી શકે,
સચ્ચાઈના પાણીએ દોરી પકવી છે..!
હવાનાંપથમાં આવે ભલે ખારાશ,
વ્હાલની મીઠાશ એમાં ભરી છે...!
સજાવી સમણાં ને પાડી છે ભાત,
સબંધની મહેકથી મહેકે છે...!
કાપવા પતંગ થાય પ્રયાસ ઘણાં,
પતંગ ને દોરીનો મજબૂત નાતો છે...!
જીવનની અગાશીમાંથી ચગાવ્યો પતંગ,
સફળતાની ઉડાન એણે ભરી છે..!
મસ્તીથી ઉડીને વિહરે આભમાં,
હૈયામાં હામ ભરી ઊડતો રહે છે...!

શીલાપટેલ "આકાંક્ષા " ગાંધીનગર

---

NOG SS No : 0077
વિભાગ:પદ્ય મૌલિક
વિષય:ખારાશ
શીર્ષક: સમુદ્રની ખારાશ

કાંઈ કેટલીય ખારાશ સમાવી બેઠો છે,
હૈયામાં આ સમુદ્ર,
ધરબાયું છે કાંઈ કેટલુંય એના હૈયામાં,
એમ અમથો નથી થયો સમૃદ્ધ..!
ફક્ત ખારાશે વગોવ્યો છે,
એને બાકી ઘણો પ્રેમ છે એનાં તરંગોમાં,
નહિંતર નદીઓ એને મળવા ભાગતી
નાઆવે આમ એના આવેગોમાં ...!
બંનેનાં સંબંધો હોતા નથી સાવ બોદા,
ખારાશ અને મીઠાશનાં કર્યાં હોય છે સોદા.!
ખારાશ અને મીઠાશે એકબીજાની
કરી હોય છે સંગત,
એટલે જ તો દરિયો કિનારે
પહોંચવા કરે છે રંગત....!
મીઠાસને પોતાનામાં
સમાવી તોય દેખાડી ખારાશ,
ભાઈ આ તો દરિયો છે,
દરિયાદીલે કાઢી શકે પોતાની ભડાશ...!

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

---

NOG SS No :- 0032
વિભાગઃ પદ્ય મૌલિક
વિષયઃ ઉત્તરાયણ
શીર્ષક:- ઉત્તરાયણ

તારી હયાતી એજ મારી ★ઉત્તરાયણ★
તારા વિના મારી અગાશી અકળાતી....
સહેજ ભીંની ભીંની સહેજ નમકીન
નમકીન..
લાગણી તો દિલની ચંચળ ચંચળ. ......
ઈચ્છા ઓતો અનંત છે કંઈક
અધૂરી કંઈક મધુરી..!
આજની મધુરતા જ કંઈક અલગ અલગ.
.તુ તારે ધાબે.....હુ મારા ધાબે...
પણ લાગણીના સૂર એક છે...
તલની ચીકી અને મમરાના લાડું..
ખજૂરપાક અને બોર જામફળ....
હું આપણા નામે ઉડતો પતંગ મોકલું..
તું મોકલ દિલનો દરિયો. ............
તું જો મોકલે સ્નેહ મિલનની દોરી,
તો હું લપેટવાં મોકલું દિલની ફીરકી.......
તું બને પતંગ તો હું બનું દોરી,
તું છોડે ઢીલ તો હું પેચ લગાવું.
તારી ફિરકી પકડીને હું રાજી રાજી.
તું સાદ પાડે તો હું દોડી દોડી આવું.
તારી પકડેલ દોરીનો હું લચ્છો બનાવું.
તારી સાથે બુમો પાડું એ કાપ્યો કાપ્યો
તું આજ આકાશ બને તો હું વાદળી બનું,
તું પવન બને તો હું લહેરખી બનું .
તું મારો પ્રિય બને તો હું તારી પ્રિયતમા.
પણ તારી હયાતી એજ મારી ઉત્તરાયણ

મીના માંગરોલીયા મીનું,અમદાવાદ

---

NOG SS No : 0082
વિષય: પદ્ય
શીર્ષક: સગપણ,સગાઈ, છૂટાછેડા,
" સગાઈ સગપણ"

મહેક બે કુટુંબનાં રચે સગપણ,
આજીવન જોડાવાના કોલ,ઘડે છે સબંધ,
હેતની પ્યાલીમાં બનેછે જીવન,
સુખદુઃખ નિભાવવા બનેછે ,એક યુગલ,
સગાઈના સબંધમાં સૌ રાજી જન,
આનંદ પ્રમોદ ઘડી સર્જે સર્વે જન ,
દિલોભાવ નો પ્રેમ છે ઉન્મત
સગપણ જોડે છે નીત નવા સબંધ,
મીઠાશ દિલની મહેકે છે અંગ અંગ,
રીત ભાતનાંપૂજાય છે વચન,
વડીલ કેરા હેત ભરીને સુકન્યા,
પારકો માર્ગ મુખ નયન માં ઘોળે
વટ્ટ સાવિત્રી નાં વચનને પોંખે
સજળ નયનથી માતા કહે,
"દીકરી તું આ ઉંબરે જ વશજે
પરાયાને તું પારકા ન ગણજે.
કુળ શાખને તું ન ભૂલજે."

ડો અનિરુદ્ધ વ્યાસ, નડિયાદ

---

NOG SS No :- 00 86
પ્રકાર :પદ્ય
શબ્દ ઉત્તરાયણ

લાવ્યો તો પતંગ,
હું પ્રિયતમાનો રંગ જોઈને,
અને દોરી ને પાઈ તી,
હજી તો મેં ગઈ કાલે જ.
હાથ ના કાપામાં હજી તો,
દેખાય છે થીજેલું લોહી,
પણ નજર અંદાજ કર્યું મે,
પતંગ ઉડાડવાની જ હોય.
કેટલા હોંશથી ગયો હું
અગાશીએ
પણ પવને તારી જેમ
મને દગો દઈ દીધો.
એક સમતુલ કિન્ના
હું બાંધી ન શક્યો,
કે ન પાડી શક્યો
હું પતંગ ને ચાર કાણાં.
કેવી રીતે ચગાવું
હું આજે પતંગ
જેની દોરી હોય
બીજાના હાથમાં.
રાહ જોઈ એની કારણ કે,
આદત છે મોડા આવવાની.
પણ ખબર પડી મને હમણાં,
કે મારી દોર કાપી ને
ફિરકી લીધી બીજાની હાથમાં!
ગુપચુપ બેસી રહ્યો હું,
તનમન સંકેલી ને.
અને રાત્રે ઉડાડી મે સફેદ કંડીલ
મારી એકની એક પ્રિયતમાની યાદમાં.

ઘનશ્યામ.વ્યાસ..કાંદીવલી.મુંબઈ

---

NOG SS No - 0068
વિભાગ - પદ્ય
શબ્દ - ઉત્તરાયણ
શીર્ષક - પહેલાં તો

હવે તો પહેલાં જેવી ઉત્તરાયણ ક્યાંય રહી નથી!
પહેલાં તો મમરાના લાડુ ને ચીકીની મિજબાની હતી,
પહેલાં તો ચીકી ખાવા માટે ઝઘડાં - ઝઘડી હતી ,
પહેલાં તો આખા આકાશમાં રંગબેરંગી પતંગોની મોજ હતી,
પહેલાં તો વાસી ઉત્તરાયણ ઉજવવામાં પણ મજા હતી,
પહેલાં તો પતંગના ટુકડાને ફાટેલી પતંગ હતી ,
પહેલાં તો પવન અને પતંગવીરોની મહા જંગ હતી,
પહેલાં તો ખેતરે રવિપાક ને શિયાળાની મજા હતી ,
પહેલાં તો અગાશીએ આંખોથી આંખો ચાર થતી હતી,
પહેલાં તો ઉત્તરાયણ પણ રાત દિવસ ઉજવાતી હતી,
કહે " ચાંદ " પ્રેમોત્સવ છે ઉત્તરાયણ;
મળવાની મજા હતી!
હવે તો પહેલાં જેવી ઉત્તરાયણ ક્યાંય રહી નથી!

નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ"
માંડવી કચ્છ

---

NOG SS No - 0065
પ્રકાર - પદ્ય
શીર્ષક - ઉત્તરાયણ

ચાલો ફરી ઉત્તરાયણ મનાવીએ,
આકાશમાં પતંગ ઉડાવીએ,
પણ આ વખતની ઉત્તરાયણમાં,
માસ્ક અને અંતર રાખીને,
સલામત રીતે ઉત્તરાયણ મનાવીએ.
પતંગની દોરીને ઢીલ આપીને,
કાઈપો છે કાઈપો છે બૂમો પાડીને,
આપણું અભિમાન કાપવાનું છે.
તલની ગરમી અને ગોળની મીઠાસ,
પતંગની માફક આકાશમાં ઉડીને,
જીવનમાં પણ બુલંદી પામીએ.

હર્ષા શાહ




## બકો જમાદાર




ગુજરાતી સાહિત્ય જગત માં સાહિત્યિક નિર્ણાયક ભૂમિકા માં ગુંજતું એક નામ એટલે જયશ્રી પટેલ× ગુજરાત ના ખ્યાતનામ ચિત્રકાર પ્રમોદ પટેલ ની પુત્રી એ પિતા કેળવણી સંસ્કાર દ્વારા પોતાનું નાનપણ નું સ્વપ્ન સાકાર કરવા બાળ સાહીત્ય ને પ્રોત્સાહિત કરવા × બકો જમાદાર × પુસ્તક પ્રકાશિત કરીને તેમની બંને દીકરીઓ ના હાથે પરિવાર વચ્ચે રવિવારે ૧૮ મી જાન્યુ વારી ના દિવસે વિમોચન કરાવી આપની બાળકો ની દુનિયા માં મૂક્યું છે..

× જયશ્રી પટેલ×. ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ના મુખ્ય નિર્ણાયક તરીકે પોતાની સેવાઓ આપે છે..ગ્રુપ માં તેમને સૌ અમારા સર્જકો × દાદી શા × તરીકે બોલાવે છે..તેમની ૪૦ થી વધારે વર્ષ ના અનુભવી શિક્ષક અને સાહિત્ય જીવ આજે પણ ગુજરાતી શબ્દકોશ ના ચુસ્ત લેખન ના આગ્રહી સાથે અમારા ગ્રુપ માં જોવા મળે છે.આવા દાદી શા ને અમારા ગ્રુપ અને અખબારી વાચકો વતી ખૂબ ખૂબ અભિનંદન...તેમનો પરિચય નીચે મુજબ છે.

પરિચય:

જયશ્રી પટેલ,

જન્મ ઉત્તર ગુજરાતના એક નાનકડા ગામ ચાણસ્મામાં ઈ.સ.૧૯૫૩ ની ૫ મી મેના દિવસે થયો .ગામડું ને કુદરત મારા પ્રિય સ્થળો છે.પહેલા ધોરણનો અભ્યાસ મોસાળ ચાણસ્મા સુધી ને પછી પિતા પાસે ભરૂચ માં બી.એ પૂર્ણ કર્યુ. આગળ અભ્યાસ માટે સાહસ ખેડવું પડ્યું.આર્થિક પરિસ્થિતિને લીધે પિતાજીની ના હતી. પણ ભણવું એ તો મનની દ્રઢતા હતી. તેથી ઘરનો ત્યાગ કરી સ્વબળે મિત્ર પાસે ઉછીના રૂપિયા લઈ. અમદાવાદ તરફ પ્રયાણ. કર્યુને ત્યાં સખીનાં ઘરમાં આસરો મળ્યો. વિદ્યાર્થીઓ ભણાવીને એમ.એનો અભ્યાસ શરૂ કર્યો.

એમ.એ .નો અભ્યાસ પૂ.કે.કા.શાસ્ત્રી ને હરિપ્રસાદ શાસ્ત્રી જેવા ગુરુજનો પાસે ભારતીય સંસ્કૃતિ માં પૂર્ણ કર્યો.

રોજ રોજનીશી લખતા સાહિત્ય સર્જનની શરૂઆત થઈ.બાળપણથી જ કવિતા ,વાર્તા ને બાળ સાહિત્યનો પરિચય પિતાશ્રી ને દાદીમા એ કરાવ્યો.પિતાશ્રી પાસે મરાઠી ને અંગ્રેજી શીખી.માતૃભાષા ગુજરાતી અને રાષ્ટ્ર ભાષા હિન્દી પર પહેલે થી જ પ્રેમ .તો પછી તેમની માતા સંસ્કૃત તો કેમ વિસરાય તેથી એનો પણ અભ્યાસ કર્યો

પિતાશ્રી પ્રમોદ પટેલ સારા ચિત્રકાર હતા .ગુજરાતના સંત રંગઅવધૂત ના ગુરૂલિલામૃત ને ચિત્રોમાં કંડાર્યુ છે તેમણે. માતા વિજ્યાબેન સાધારણ પણ એક સારા માર્ગદર્શિકા હતા. મિલન પટેલ સારા પતિને મિત્ર હતા.બે દીકરીઓ તર્જની ને ગ્રીષ્મા સારા હોદ્દા પર નોકરી પર છે.પરણીને સાસરે ગયા પછી ટ્યૂશન શરું કર્યા, બાળકોનું સાંનિધ્ય વધતાં તેમના પ્રશ્નોનાં ઉત્તરો આપતા કંઈક કરી છૂટવું ભૂલકાઓ માટે એ નિર્ણય લીધો.

અમલમાં મૂકાયો ૨૦૧૭માં ને બકો જમાદાર નું સર્જન થયું.

મધરટેરેશા પ્રથમ ધર્મ છે.તેમના માર્ગદર્શનમાં ગરીબ વિદ્યાર્થીઓ ને ભણાવવાની ઈચ્છાથી મુંબઈમાં ૧૯૭૭ થી ૨૦૧૯ ના મે મહિના સુધી ગુજરાતી,હિન્દી ને મરાઠી,સંસ્કૃતના ખાનગી શિક્ષિકા તરીકે ખૂબ જ કામ કર્યુ છે.

બાળવાર્તાની શરૂવાત સુરતના કલેક્ટર શ્રી ધવલ પટેલના અને મીતા ઝવેરીના આગ્રહથી લખાય,અને બકો જમાદાર નો જન્મ થયો.કેટલાયની દાદીશા બની ગઈ.

તમે મને gujarati@pratilipi.com અને matrubharti પર પણ વાંચી શકો છો.અનેક વાર્તાઓ..કવિતાઓ,લેખો સાથે.સ્ટોરી મિરર પર પણ વાંચી શકો છો. અઠવાડિક ગુજરાત મેઈલ, યુગવંદના ,અને ન્યુઝ ઓફ ગાંધીનગર પર વાંચી શકો છો.

બકોર પટેલથી સૌ કોઈ પરિચિત હતા હવે બકોજમાદારથી પરિચિત કરીશું, બાળકોને.સંસ્કારનું સિંચન કરી શકીશ આ માધ્યમથી તો મારી ભાષા સાથે ઘડતર પણ આપ્યાનો સંતોષ રહેશે.

જયશ્રી પટેલ

## સાબરમતી રિવરફ્રન્ટ માટે સ્પેનથી ક્રૂઝ આવી પહોંચી

# ૨૦૨૧ના વર્ષમાં સહેલાણીઓ રિવરફ્રન્ટ ખાતે ક્રૂઝની મજા માણી શકશે

અમદાવાદ,તા.૧૯

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ફરી એકવાર નવા વર્ષની શરૂઆત સાથે જાહેર જનતા માટે બોટિંગની શરૂઆત કરવામાં આવી છે. હવે નવા વર્ષ એટલે કે ૨૦૨૧ના વર્ષમાં સહેલાણીઓ રિવરફ્રન્ટ ખાતે ક્રૂઝની મજા માણી શકશે. અમદાવાદીઓને નવાઇ લાગે તેવી ક્રૂઝ રિવરફ્રન્ટ ખાતે આવી ગઈ છે. આ ક્રૂઝ સ્પેનથી મંગાવવામાં આવી છે. આ ક્રૂઝ ફુલ્લી એસી હશે. કોરોના વાયરસના સમયમાં તેને સેનિટાઈઝ કરાયા બાદ જ બીજીવાર ઉપયોગમાં લેવામાં આવશે. આ ક્રૂઝમાં બેસવા માટે ૨૦ મિનિટના ૨૦૦ રૂપિયા ભાડું ચૂકવવું પડશે. આ ક્રૂઝની ખાસિયત એ છે કે આ તેમાં એક સાથે ૬૦ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા છે. હાલ રિવરફ્રન્ટ ખાતે બે પોઈન્ટ પર બોટિંગ ચાલુ કરવામાં આવ્યું છે. જેમાં એક પોઈન્ટ વલ્લભ સદન અને બીજો પોઈન્ટ ઉસ્માનપુરા નજીક શરુ કરવામાં આવ્યો છે. બોટિંગ સેવાને લોકોનો ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. વલ્લભ સદન નજીક આવેલા બોટિંગ સ્ટેશન પર ઈસીએચટી દ્વારા બોટિંગની એક્ટિવિટી કરવામાં આવી રહી છે. જયારે ઉસ્માનપુરા નજીક આવેલા સ્ટેશન માટે ખોડલ કોર્પોરેશન દ્વારા બોટિંગની એક્ટિવિટી કરવામાં આવી રહી છે.

હાલના તબક્કામાં ઈસીએચટી એજન્સી દ્વારા જેટસ્કી, કિડ્સ પેડલ બોટ, હાય સ્પીડ બોટ તથા એક્વા સાઈકલની પ્રવૃત્તિ શરુ કરવામાં આવી છે. જેની ટિકિટ બોટિંગ સ્ટેશનના ટિકિટ કાઉન્ટર પરથી સરળતાથી મળી રહેશે. ગયા વર્ષે કોરોના કાળ પહેલા આશરે ૪૦૦ જેટલા લોકોએ બોટિંગનો આનંદ માણ્યો હતો. જે બાદ આ વર્ષે ઈસીએચટી દ્વારા બમ્પર બોટ, સાબરમતી રિવર ક્રૂઝ જેવી ઘણી બધી વૉટર બેઝ્ડ એક્ટિવિટી શરૂ કરવામાં આવી છે. બમ્પર બોટ પણ આવનાર સમયમાં લોકો માટે શુરૂ થવાની છે. સહેલાણીઓ સહેલાઈથી બોટિંગ માટે બુકિંગ કરી શકે તે માટે ૧૫ જેટલા ઓનલાઇન માધ્યમ પરથી પણ બુકિંગની સુવિધા શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટની વેબસાઈટ પરથી પણ લોકો બુકિંગ કરી શકશે. ઈસીએચટી એજન્સી દ્વારા બોટિંગના ભાવ નીચે પ્રમાણે રાખવામાં આવ્યા છે.

(૧) કિડ્સ બોટ- રૂ. ૧૦૦ (૨) જેટસ્કી- રૂ.૩૫૦ (૨) સાબરમતી રિવર ક્રૂઝ- રૂ. ૨૫૦ (૪) બેય લાઈનર- રૂ. ૨૫૦ (૫) હાઈ સ્પીડ બોટ- રૂ. ૨૫૦ (૬) એકવા સાઇકલ- રૂ. ૧૦૦. ઉસ્માનપુરા નજીક આવેલ બોટિંગ સ્ટેશન પર ખોડલ કોર્પોરેશન દ્વારા સ્પીડ બોટ અને પૅન્ટોન બોટ લોકો માટે શરુ કરવામાં આવી હતી. જેને પણ લોકોનો ખૂબ સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. આશરે ૫૦ જેટલા લોકોએ બોટિંગનો આંનદ માણ્યો હતો. જેની ટિકિટ લોકોને સરળતાથી બોટિંગ સ્ટેશન પર આવેલા ટિકિટ કાઉન્ટર પરથી મળી રહશે. ટૂંક સમયમાં તેઓ પેડલ બોટ અને ઝોરબિંગ બોલ પણ ઉમેરશે જેથી લોકોને સાબરમતી નદી પર વૉટર બેઝ્ડ એક્ટિવિટીનો લાભ મળી શકે. ખોડલ કોર્પોરેશન દ્વારા નીચે મુજબ બોટિંગના ભાવ રાખવામાં આવ્યા છે. (૧) સ્પીડ બોટ-રૂ. ૧૩૦ (૨) પૅન્ટોન બોટ- રૂ. ૧૩૦ (૩) પેડલ બોટ- રૂ.૬૦ (૪) ઝોરબિંગ- રૂ. ૪૫.

# લાઠી પીજીવીસીએલના કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી,સુત્રોચ્ચાર સાથે વિરોધ વ્યકત કર્યો

પ્રવાસી પત્રકાર વિજયવીર યાદવ



લાંબા સમય થી ૭ મા પગારપંચ મુજબ એલાઉન્સ ના લાભ થી વંચિત વિજકર્મીઓ ના પડતર પ્રશ્નો ની બે વર્ષ થી વારંવાર રજુઆતો છતાંયે સરકાર માં કોઈ હકારાત્મક પ્રયાસ ન થતા રોષે ભરાયેલા કર્મચારીઓ વિવિધ યુનિયનો દ્વારા રચિત ગુજરાત ઉર્જા સંયુકત સંકલન સમિતિ ના ઉપક્રમે કાળી પટી ધારણ કરીને વિરોધ વ્યકત કર્યો હતો. સંગઠન ના આદેશ અન્વયે તા. ૧૬/૧/૨૦૨૧ ના રોજ લાઠી પીજીવીસીએલ ના અધિકારીઓ/કર્મચારીઓ ના પ્રશ્નો નો લાંબા સમય થી નિકાલ ન આવતા સવાર થી જ અધિકારીઓ તથા કર્મચારીઓ પોતાની ફરજ દરમિયાન કાળ પટી ધારણ કરી પોતાનો વિરોધ – આક્રોશ વ્યકત કર્યો હતો. ઉકત વિરોધ માં વર્ગ–૧ થી વર્ગ–૪ સુધીના તમામ કર્મચારીગણ એક જુથ થઈ પડતર પ્રશ્નો ના નિકાલ માટે ગાંધી ચિંધ્યા માર્ગે જઈ પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

કર્મચારીઓ ની પડતર માંગણી સંદર્ભે આગામી દિવસો માં નર્ણયિ નહિં આવે તો આવનારા સમય માં આંદોલન વધુ ઉગ્ર બને તેમજ આગામી ૨૧ તારીખે ગુજરાત રાજય ના આશરે ૫૫૦૦૦ વિજકર્મીઓ માસ સી.એલ. પર જઈ વિરોધ પ્રદર્શિત કરશે તેમ અખબારી યાદી માં જણાવેલ છે

# લાઠી સીવિલ હોસ્પિટલમાં કોરોના વેકસિનના પ્રથમ ચરણના ૧૦૦ ડોઝ આવતા લાઠી પ્રાંત અધિકારી ના હસ્તે દિપ પ્રાગટય કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો




પ્રવાસી પત્રકાર વિજયવીર યાદવ

લાઠી સીવિલ હોસ્પિટલમાં કોરોના વેકસિનના પ્રથમ ચરણના ૧૦૦ ડોઝ આવતા લાઠી પ્રાંત અધિકારી ઉત્સવ ગૌતમ (છજી)ના હસ્તે દિપ પ્રાગટય કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સરકારશ્રીના સમગ્ર ભારતમાં ફેલાઈ રહેલાં કોરાના વોરયૅસને નાબુદ કરવાના અભિયાનમાં કોરાના વેકસિનના ડોઝ સમગ્ર ગુજરાતમાં પહોંચાડવામાં આવી રહ્યા છે તેનાં ભાગ રૂપે પ્રથમ ચરણનાં ૧૦૦ ડોઝ આવતા તેનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.અને સિવિલ હોસ્પિટલ સ્ટાફના સફાઈ કામદારથી ડોઝ આપવાની શરૂઆત કર્યોબાદ લાઠીના નામાંકિત ડોકટર વાવડીયા આ ડોઝ આપવામાં આવેલ.જેની કોઈ આડઅસર જોવા મળી નથી.

આ સમગ્ર કાર્યક્રમ અને દિપ પ્રાગટ્ય મા ડોકટર મકવાણા , ભાવનગરથી અનુપસીંગ (ઉૐ)ડો.દેથલીયા,ડો.મુકેશસીગ,તેમજ તમામ હેલ્થ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.




**એક હિન્દુ છે અને બીજો મુસલમાન છે,છતાં પણ બંને ના ચેહરા પર એક જ વાત ની ખુશી છે કે ભારત જીતી ગયું, બસ આ વાત ને અમુક અક્કલ નાં ઓથમિરો સમજી જાય તો દેશ માં ક્યારેય ધર્મ ના નામ પર તોફાનો કે હુલ્લડો ના થાય,,, કુશલભાઈ ભટ્ટ**

### છેલ્લા ૫ વર્ષથી સુમન કટારીયા મૂર્તિ બનાવવાનો અનેરો શોખ ધરાવે છે.

# વડગામના પાંચડા ગામની ૨૨ વર્ષીય દીકરીએ માટી માંથી ૧૦૦૦ જેટલી મૂર્તિઓ બનાવી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વડગામ તાલુકાના પાંચડા ગામની વતની અને હાલ પાલનપુર પશુપાલન વસાહતમાં રહેતી સુમન કટારીયા હસ્તકલાનું અનોખું જ્ઞાન ધરાવે છે અને સુમને અત્યાર સુધીમાં ૧૦૦૦ થી વધુ માટીના લુવામાંથી મૂર્તિઓ તૈયાર કરી છે.



વડગામ તાલુકાના પાંચડા ગામના અને હાલ પાલનપુર પશુપાલન દવાખાનામાં નોકરી કરતા વિનોદચંદ્ર કટારીયાના પરિવારની દીકરી સુમન કટારીયા જેની ઉંમર ૨૨ વર્ષ અને ૧૨ પાસ બાદ પેઇન્ટિંગ માં રસ ધરાવતી સુમન ૬ વર્ષ પહેલાં બાલારામ ફરવા ગઇ ત્યારે ગણપતિનો ઉત્સવ હતો તે દરમિયાન ઘણા લોકો પીઓપીનું મૂર્તિ નું વિસર્જન કરતા હતા એ જોઈને સુમનને વિચાર આવ્યો કે જો ભગવાનની મૂર્તિને આ રીતે પધરાવવામાં આવે અને પોતાના પગમાં આવે તો એમનું અપમાન થાય આ જોઈને સુમનને વિચાર આવ્યો કે હવે હું માટીની જ મૂર્તિ બનાવીશ તેવા ધૈર્ય સાથે આજે ૧૦૦૦ થી વધુ મૂર્તિઓ બનાવી છે અને ગામ તેમજ સમાજનું નામ રોશન કર્યું છે. સુમન કટારીયા ૧૨ પાસ કરી પોતે ચિત્રકાલમાં રસ ધરાવતા અને સુમને જણાવ્યું કે હું ઘરે રાત્રે મૂર્તિજ બનાવું છું અને હું ખેલ મહાકુંભમાંથી લઈ અનેક વિવિધ ક્ષેત્રોમાં કળા ક્ષેત્રે લોકોએ નામના મેળવી છે.હું માટીના લુવામાંથી વિવિધ પ્રકારની કૃતિઓ બનાવી પર્યાવરણનું જતન કરી માટીની મૂર્તિઓ બનાવું છું અને નખ કાન આંખો અને મૂર્તિની કોતરણી બનાવું છું. હું પ્રથમ તો ભારતના ઘડવૈયા બાબા સાહેબની મૂર્તિ બનાવી હતી ત્યારબાદ મૈં ઘણી બધી મૂર્તિઓ બનાવું છે જેવી કે પશુ,પક્ષી,દેવી દેવતાઓ,નેતાઓની મુર્તિ, તૈયાર કરી છે અને જયારે કોરોના મહામારી માં લોકડાઉન થયું ત્યારે ગણપતિ,રાધા કૃષ્ણ, આંબેડકર,એપીજે અબ્દુલ કલામ,મગર,મોર ,જલપરી,જેવી વિવિધ કલા આકૃતિઓ માટીમાંથી બનાવી છે અને મારા પરિવારને મારા પર ગર્વ છે વડગામના પાંચડા ગામની સુમને માટીમાંથી ૧૦૦૦ મૂર્તિઓ બનાવી,જેમાં અલગ અલગ નેતા અને ભગવાનની મૂર્તિઓ બનાવી ગામ અને સમાજનું નામ રોશન કર્યું

# સ્વામિનારાયણ ગુરુકુલ સ્કૂલના શિક્ષકને ટ્રાન્સફોર્મિંગ એજ્યુકેશન એવોર્ડ થકી સન્માનિત કરવામાં આવ્યાં



LOVELY PROFESSIONAL UNIVERSITY



ગાંધીનગર

શહેરની શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય સ્કૂલના શિક્ષક શ્રી વિકીરાજ પંડ્યાને એક શિક્ષક તરીકેની કામગીરીને ધ્યાનમાં રાખી ઉત્તમ શિક્ષકોમાં સામેલ કરાતા ટ્રાન્સફોર્મિંગ એજ્યુકેશન એવોર્ડ થકી સન્માનિત કરવામાં આવ્યાં. તેમની કામગીરીમાં તેમને અવનવી પ્રવૃત્તિઓ અને આધુનિક ટેકનોલોજી થકી વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું તેમજ સમાજલક્ષી, જીવનલક્ષી પણ શિક્ષણ પુરુ પાડ્યું તેમજ ઉત્તર ગુજરાતનાં અન્ય સ્થળો પર સ્કાઉટ ગાઇડ, વૃક્ષોનું વાવેતર, અન્ય પ્રવૃત્તિઓ પણ શીખવી, વધુમાં જણાવ્યું કે કોરોનાની મહામારી વચ્ચે કદાચ ગાંધીનગરની સૌપ્રથમ સ્કૂલ એવી હશે જે લોકડાઉન જેવી પરિસ્થિતિમાં પણ વિદ્યાર્થીઓને ઝૂમ એપ પરથી ઓનલાઇન શિક્ષણ આપવામાં આવી રહ્યુ હતુ જેથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર માઠી અસર ન પડે, તેમજ ગુરુકુલ સ્કૂલના ડાયરેક્ટર શ્રી ઉમંગભાઇ વસાણી તેમજ પ્રિન્સીપાલ શ્રી તેમજ સમગ્ર ગુરુકુલ પરિવારનો આ એવોર્ડ માટે આભાર વ્યક્ત કરૂ છું કે જેમને મને દરેક સમયે પ્રોત્સાહન પુરું પાડ્યું છે.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસના વર્કિંગ ચેરમેન તરીકે નર્મદાના ઈમ્તિયાઝ અલી કાદરીની નિયુક્તિ કરાઈ

રાજપીપળા, તા ૧૯

ગુજરાતમા આગામી દિવસોમા નગરપાલિકા અને સ્થાનિક સ્વરાજ ની ચૂંટણીઓ આવી રહી છે. ત્યારે કોંગ્રેસ મા પણ નવા હોદ્દેદારો ની અને યુવા આગેવાનો ને જવાબદારી સોંપાઈ છે. જેમા લઘુમતી મતદારોના મતો અંકે કરવાગુજરાત પ્રદેશ ના માઈનોરિટી ડીપાર્ટમેન્ટના વર્કિંગ ચેરમેન તરીકેનર્મદાના ઈમ્તિયાઝ અલી કાદરીની નિયુક્તિ કરાઈછે. અત્યાર સુધી તેઓ નર્મદા જિલ્લા ના માઈનોરિટી ડીપાર્ટમેન્ટના ચેરમેન તરીકે જવાબદારી સંભાળતા હતા હવે તેમને પ્રમોશન



આપીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ના વર્કિંગ ચેરમેન તરીકે નર્મદાના ઈમ્તિયાઝ અલી કાદરીની નિયુક્તિ કરવામા આવી છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિ ની અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી ની સૂચનાથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ માઈનોરીટી ડીપાર્ટમેન્ટ ના ચેરમેન તરીકે વઝીર ખાન પઠાન અને વર્કિંગ ચેરમેન તરીકે ઈમ્તિયાઝ અલી કાદરી ની નિયુક્તિ કરતા કાર્યકરો આગેવાનો એ અભિનંદન પાઠવ્યા હતા.ઈમ્તિયાઝ અલી કાદરીએ ગુજરાત નું માઈનોરિટી ડીપાર્ટમેન્ટ નું આગામી દિવસમા સંગઠન વધુ મજબૂત બનાવવા પર ભારખાસ મૂક્યોહતો.

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

# અમરેલી-સાવરકુંડલા માર્ગ ઉપર કાર પલ્ટી જતાં દેરાણી-જેઠાણીનાં મોત

પ્રવાસી પત્રકાર વિજયવીર યાદવ

હાલ સુરત રહેતા અને મુળ સીમરણ ગામનો ધામેલીયા પરિવાર એક કારમાં સીમરણ ગામેથી રાંદલનાં દડવા ગામ જઈ રહ્યા હતા ત?યારે અમરેલી-સાવરકુંડલા રોડ ઉપર ચકકરગઢ-દેવળીયાનાં પાટીયા નજીક કોઈ કારણોસર કાર પલ?ટી મારી જતાં ર દેરાણી-જેઠાણીનાં કરૂણ મૃત્યુ નિપજયા હતા જયારે ૪ જેટલા લોકોને ઈજા થતાં એમ્બ્યુલન્સ ૧૦૮ દ?વારા ઘવાયેલ લોકોનેસારવાર માટે અત્રેના દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ મુળ સીમરણ ગામનાં વતની અને હાલ સુરત ગામે રહેતા લાલજીભાઈ ધામેલીયા તથા તેમના કુટુંબીજનો સીમરણ ગામે આવ?યા હતા અને ગઈકાલે સાંજના સમયે તેઓ પોતાના કુટુંબીજનો સાથે કાર નં. જી.જે.-૦૫ જે.આર. ૬૨૨૫માં બેસી સીમરણથી રાંદલના દડવા જઈ રહ્યાં હતા.

ત્યારે તેમની કાર અમરેલી નજીક આવેલ ચકકરગઢ અને દેવળીયા ગામનાં પાટીયા નજીક કોઈ કારણોસર કાર પલ?ટી જતાં આ કારમાં બેસેલ સવિતાબેન બાલુભાઈ ધામેલીયા તથા જયાબેન લાલજીભાઈ ધામેલીયાને ગંભીર ઈજાઓ થતાં તેમનાં ઘટના સ?થળે જ મૃત?યુ નિપજયા હતા.જયારે અન્ય ૪ જેટલા લોકોને નાની-મોટી ઈજાઓ થતાં અમરેલીનાં સરકારી દવાખાને ખસેડવામાં આવ?યા હતા. આ બનાવ અંગે દવાખાના ડયુટી જમાદાર પ્રવિણભાઈ વાડદોરીયાએ જરૂરી કાગળો તૈયાર કરી પોલીસ સ?ટેશન ખાતે મોકલી આપ?યા હતા.

આ બનાવ અંગે મૃતક મહિલાના પુત્ર જીતેન્દ્રભાઈ લાલજીભાઈ ધામેલીયાએ પોતાના જ કુટુંબી ભાઈ અને કાર ચાલક અનિલભાઈ મધુભાઈ ધામેલીયા સામે અમરેલી તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

### શરદી ખાંસી તાવ ઝાડા ના કેસોમાં પણ મગજ પાત્ર ઘટાડો

# નર્મદામા કોરોનાના કેસમા ઘટાડો ,આજે માત્ર ૦૨ બેજ કેસ નોંધાયા

રાજપીપલા, તા ૧૯

નર્મદામા કોરોનાના કેસમા ઘટાડો જોવા મળ્યો છે.આજે માત્ર ૦૨ બેજ કેસ નોંધાયાછે. જેમા સાગ બારાના નાલ ગામે અને રાજપીપળા માલાલ ટાવર પાસે એક એક કેસ નોંધાયો છે.

નર્મદામા શરદી ખાંસી તાવ ઝાડા ના કેસોમાં પણ નોંધપાત્ર પાત્ર ઘટાડો જોવા મળ્યો છે. એટલુ જ નહીશ્વાસની તકલીફ નો પણ એક પણ કેસ જોવા ન મળતા લોકોએ રાહતનો દમ લીધો હતો. આજદિન સુધીમા કોવીદમાથી ૮૫૪ અને કોવીદ કેર માથી ૯૧૫મળી કૂલ ૧૭૬૯ ને રજા આપી છે આજે આરટીપીસીઆર મા ૨૫અને ટ્રૂ નેટ ના ૦૩ અનેએન્ટીજન ટેસ્ટ ૧૫૫ મળી આજે કૂલ૧૮૨ ટેસ્ટ સેમ્પલ ચકાશણીમાટે વડોદરા મોકલ્યા છે

આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૩૯૭૩૩વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના ૦૯ દરદીઓ, તાવના ૦૫દરદીઓ, ઝાડાના દરદીઓ ૦૭સહિત કુલ-૨૧જેટલા દરદીઓ ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૯૯૯૬૦૦ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૨૮૨૪ લોકોને વિતરણ કરાઇ છે.

:જયોતિ જગતાપ , રાજપીપલા

# બરવાળા તાલુકામા સ્થાનીક કક્ષાએ ટોબેકો ટાસ્ક ફોર્સ રેડ.

પ્રવાસી પત્રકાર વિજયવીર યાદવ

બોટાદ જિલ્લામાં સરકારશ્રીના રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત માન.ક્લેકટરશ્રી વિશાલ ગુપ્તા તેમજ જીલ્લા વિકાસ અધિકારીશ્રી નારાયણસિંગ સાંદુની અધ્યક્ષતામાં બોટાદ જીલ્લામાં તમાકુ કે તમાકુની બનાવટનું બિન અધિકૃત રીતે વેચાણ અને આનુસંગિક નિયમન માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલી છે. તમાકુ વિરોધી કાયદો "સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ" (કોટપા-૨૦૦૩)નું સઘન અમલીકરણ થાય તે હેતુથી તાલુકા ટાસ્ક ફોર્સ સ્કવોડ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ /રેડ ની કામગીરી આરોગ્ય વિભાગના મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.જે.એસ.કનોરીયાના માર્ગદર્શન અને એપીડેમીક મેડીકલ ઓફિસરશ્રી ડૉ.આર.આર.ચૌહાણના મોનીટરીગ નીચે આજરોજ તા.૧૯/૦૧/૨૦૨૧ના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી બરવાળા તાલુકામા સ્થાનીક કક્ષાએ ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વહેચતા નાંના-મોટા વેપારીઓ,પાન-ગલ્લા પાર્લર વગેરે જગ્યાએ આકસ્મિક ચેકિંગ હાથ ધરી ૭ જેટલા દુકાન ધારકો પાસેથી રૂ.૧૪૦૦/-નો દંડ વસુલ કરવામાં આવેલ હતો.જેમાં વેપારીઓ દ્વારા "તમાકુથી કેન્સર થાય છે" અને "૧૮ વર્ષથી નાની ઉંમરની વ્યક્તિને તમાકુ નું વેચાણ એ દંડનીય ગુનો છે" અને "સિગારેટ તથા બીડીના છુટક વેચાણ પ્રતિબંધિત છે." એવું લખાણ સાથે નિર્દિષ્ટ આરોગ્ય –વિષયક ચેતવણી વિના સિગારેટસ અને તમાકુની અન્ય બનાવટોનું વેચાણ કરવા પર પ્રતિબંધ.બીડી,બીસ્ટોલ/સિગારેટના પેકેટ ઉપર ૮૫ ટકા ભાગમાં "તમાકુ જીવલેણ છે.તમાકુના સેવનથી કેન્સર થાય છે."તેવું સચિત્ર ચેતવણી જેવી બાબતો સાથે પાકા બીલ વગરની પરદેશી બનાવટની ઈમ્પોટેડ સિગારેટનું બિન અધિકૃત રીતે વેચાણ અને ઇ-સિગારેટ પ્રતિબંધ જેવી બાબતો આવરી લેવામાં આવી હતી. આ કામગીરીમાં તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ડૉ.એમ કે સાત્યકિ, ડો. પારસ વસાણી,ટી.એફ.ઓ.શ્રી વિમલભાઈ વસાણી, પોલીસ વિભાગના અધિકારી પી.એસ.આઇ શ્રી આર. કે.પ્રજાપતિ અને એ.એસ.આઇ શ્રી કે ડી દાયમા, એસ.ટી.વિભાગના બી.ટી.ઝાલા દ્વારા આ કામગીરી ખુબ જ ચોકસાઈ પૂર્વક કરવામાં આવી હતી.

### ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ભાજપ પાર્ટીના આગેવાનો એક મંચ પર.

# દેડીયાપાડા તથા સાગબારા તાલુકાના અલગ અલગ વિસ્તારના રસ્તાનું ખાતમુહૂર્ત કરાયું

રાજપીપળા, તા. ૧૯

નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અને નગરપાલિકાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે વિકાસ લક્ષી કામોના ખાતમુહૂર્તની મોસમ શરૂ થઈ છે.એની પાસેથી વિકાસના નામે વોટ લેવા હવે વિકાસના કામોના ખાતમુહૂર્ત શરૂ થતા લોકોમાં આશ્ચર્ય ફેલાયું છે.

જેમાં સાગબારા અને દેડીયાપાડા તાલુકાના અલગ અલગ વિસ્તારના વિવિધ સત્તાઓનું ખાતમુરતનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ પુલ સહિતના વિવિધ વિકાસના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.સાગબારા તાલુકાના જુની આરટીઓ ઓફિસ થી મોવી ગામ તરફ જતો રસ્તો તથા પાટલામહુ



થી હલગામપાડી તરફ જતો રસ્તો તથા દોધનવાડી ગામે પુલનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું.જયારે દેડિયાપાડા તાલુકામાં નિઘટ ગામ થી કેવડી તરફ જતો રસ્તો તથા કાબલી ગામ થી શભૂનગર ગામ તરફ જતો રસ્તો તથા દેડીયાપાડા થી રાજપીપળા રોડ પર આવેલ પારસી ટેકરા પાસેના પુલનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ ખાતમુરત કાર્યક્રમ પ્રસંગે સાંસદ મનસુખ વસાવા, પ્રદેશ આદિ જાતિ મોરચાના પ્રમુખ તથા માજી મંત્રી મોતીભાઈ વસાવા, દેડિયાપાડાના ધારાસભ્ય મહેશભાઈ વસાવા,જિલ્લા પ્રમુખ શંકરભાઇ વસાવા,જિલ્લા કારોબારી અધ્યક્ષ બહાદુરભાઇ વસાવા સહિતના અગ્રણીઓ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ભાજપ પાર્ટીના આગેવાનો એક મંચ પર જોવા મળતા લોકોમાં આશ્ચર્ય ફેલાયું હતું.

રિપોર્ટ : જયોતિ જગતાપ, રાજપીપળા

# અરવલ્લી જિલ્લાકક્ષાનો પ્રજાસત્તાક પર્વ મોડાસા ખાતે યોજાશે

૨૬ મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણીના સુચારૂ આયોજન અંગે જિલ્લા કલેક્ટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકરની અધ્યક્ષતા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો. અનિલ ધામેલિયાની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી સભાખંડમાં ખાતે બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં સ્ટેજ, પરેડ, આમંત્રણ પત્રિકા, સાંસ્કૃતિક કાર્યક્રમ, વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન, આરોગ્ય, પાણી અને લાઈટ, સફાઇ અંગેની કામગીરી જુદા-જુદા વિભાગોને કામગીરી સોંપવામાં આવી હતી.

ધ્વજવંદન કાર્યક્રમમાં જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ પણ કર્મચારીઓ ધ્વજવંદનમાં ઉપસ્થિત રહેવાની સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં પ્રાંત અધિકારીશ્રી મંયક પટેલ, મામલતદાર શ્રી ગઢવી, જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય પર્વની ઉજવણી કોરોના ગાઇડલાઇન મુજબ થાય તેવી સુચારૂ વ્યવસ્થા ગોઠવવા ની સૂચના આપવામાં આવી હતી.

# સ્માર્ટ સિટી અંતર્ગત સેક્ટર ૨૨માં રોડને ૪ લેન કરવાના પ્લાનમાં વૃક્ષોને બચાવવા ફેરફાર કરવામાં આવ્યો

### મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી, સ્ટેન્ડિંગ ચેરમેનશ્રી અને નગરસેવકો દ્વારા વૃક્ષની રક્ષા માટે ૧૩,૫૦૦ ટ્રી ગાર્ડનું વિતરણ કરાયુ હતું

ગાંધીનગરઃ

ગાંધીનગર મહાનગર પાલિકાએ સ્માર્ટ સિટી અંતર્ગત સેક્ટર ૨૨માં અને અન્ય સેક્ટરોમાં આંતરિક મુખ્ય માર્ગને પહોળા કરવાની યોજના હાથ ધરી છે. ત્યારે રોડ પહોળો કરવામાં અડચણ બનતા ૧૨૯ વૃક્ષ હટાવવા તંત્રએ માર્કિંગ કરતા પ્રકૃત્તિ પ્રેમીઓએ વર્ષો જુના આ વૃક્ષો નહીં હટાવવા માટે માગણી કરી હતી. પર્યાવરણ પ્રેમીઓની આ વાતને ગંભીરતાથી લઈને મેયરશ્રી રીટાબેન પટેલે વન વિભાગ અને મહાનગર પાલિકાના અધિકારીઓ સાથે ગત સપ્તાહે બેઠક યોજીને સેક્ટર ૨૨ અને અન્ય સેક્ટરોમાં પણ રસ્તા પહોળા કરવામાં આવે ત્યારે ઓછામાં ઓછા વૃક્ષો હટાવવા પડે તે પ્રકારે નવેસરથી પ્લાન તૈયાર કરવા જણાવ્યુ હતું. મેયરશ્રીએ અધિકારીઓને કહ્યુ હતું કે એક હાથે પ્રકૃત્તિની રક્ષા અને એક હાથે વિકાસ કરવાનો છે.

આખરે પ્લાનમાં ફેરફાર કરીને તંત્ર દ્વારા અગાઉ માર્કિંગ કરાયેલા ૧૨૯માંથી ૩૯ વૃક્ષને બાકાત કરાતા તે હવે જેમના તેમ રહેશે. જયારે રસ્તાને પહોળો કરવામાં આડે આવતા ૯૩ પૈકીના ૪૫ જેટલા વૃક્ષને અન્ય સ્થળે રી ટ્રાન્સપ્લાન્ટ કરવા નિર્ણય લેવાયો છે. તેથી માત્ર ૪૫ વૃક્ષોને દુર કરવાના રહેશે. પરિણામે કુલ મળીને ૮૩ વૃક્ષને બચાવી લેવામાં સફળતા મળી હોવાનું તંત્રના અધિકારીઓએ જણાવ્યુ છે. બીજી બાજુ મહાનગર પાલિકા દ્વારા પાટનગરની હરિયાળીમાં વધારો કરવા માટે સઘન અને કાયમી આયોજન કરાયું છે. તેના સંદર્ભમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર પી સી દવેએ જણાવ્યું કે મહાનગર પાલિકા દ્વારા વન વિભાગને વૃક્ષોના વાવેતર અને ઉછેર માટે ગ્રાન્ટ અને રોપા-છોડની સુરક્ષા માટે ટ્રી ગાર્ડની ફાળવણી કરવામાં આવશે.

વૃક્ષોને બચાવવાની માગણી કરતા પર્યાવરણ પ્રેમીઓની વાત સાથે સહમત થવાની સાથે અધિકારી સુત્રોએ જણાવ્યું કે ધમધમતા રહેતા સેક્ટરોમાં મુખ્ય આંતરિક માર્ગ પર ટ્રાફિકનું ભારણ વધ્યુ છે. રસ્તા પહોળા થવાથી વસાહતીઓની સુવિધામાં વધારો થવાનો છે. તંત્રએ વૃક્ષારોપણની પ્રવૃત્તિને હંમેશા મહત્વ આપ્યુ છે અને છેલ્લે ચોમાસાના દિવસોમાં મહાનગર પાલિકાએ શહેરમાં વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર માટે ખાસ ઝુંબેશ ચલાવીને પ્રોત્સાહન આપ્યુ હતું. ત્યારે વૃક્ષપ્રેમી અને પર્યાવરણપ્રેમી નાગરિકો, સંસ્થાઓ અને વન તંત્રના સહકારથી ૩૦ હજાર જેટલા છોડ વાવવામાં આવ્યા હતાં. ઉછરતા છોડને બચાવવા માટે મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી, સ્ટેન્ડિંગ ચેરમેનશ્રી અને નગરસેવકો દ્વારા ૧૩,૫૦૦ ટ્રી ગાર્ડનું વિતરણ કરાયુ હતું. પાટનગરમાં વૃક્ષો નહીં હટાવવાની વાત યોગ્ય જ છે. આ મુદ્દાને ધ્યાને રાખીને જ રસ્તા પહોળા કરવાના આયોજનમાં ફેરફાર કરાયો છે અને વધુમાં વધુ વૃક્ષોને બચાવી લેવામાં આવનાર છે.

# ગરુડેશ્વર તાલુકા માં કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરાવતા વન અને આદિજાતિ મંત્રી રમણભાઈ ભટકર

રાજપીપળા,તા. ૧૯

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ ગુજરાત સરકારના વન અને આદિજાતિના મંત્રી રમણભાઇ પાટકરે કરાવ્યો હતો.આ યોજના થકી ખેડૂતોને હવે દિવસે પણ વીજળી મળશે.જેને લઇને ખેડૂતોની ખેતી પણ સારી થશે.તેમજ ખેત ઉત્પાદન પણ વધશે તથા રાત્રીના જે ઉજાગરા કરવા પડતા હતા,તે પણ હવે બંધ થઈ થશે. તેમ જ ખેડૂતોને સિંચાઈ માટે પાણી પણ પૂરતા પ્રમાણમાં મળી રહેશે.




આ કાર્યક્રમમાં તેઓની સાથે પૂર્વ મંત્રી રમણભાઈ તડવી તથા નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ તથા બાળ આયોગ વિકાસના ચેરમેન ભારતીબેન તડવી સાથે નર્મદા જિલ્લા પંચાયત સદસ્ય શારદાબેન તડવી, પી.કે. તડવી સાથે મોટી સંખ્યામાં હોદ્દેદારો તથા ગરૂડેશ્વર તાલુકાના ખેડૂતો તેમજ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.